આજનો સુવિચાર

નિષ્ઠાથી બજાવેલી ફરજ પ્રાર્થનાનું સ્વરૂપ ધારણ કરી લે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૫૫ જૂનાગઢ તા. ૫-૧૦-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

દેશમાં વસ્તી નિયંત્રણ માટે સરકાર સમાન નીતિ લાવે : મોહન ભાગવત

નાગપુર ખાતે દશેરા રેલીને સંઘ સુપ્રિમો મોહન ભાગવતનું સંબોધન : દેશમાં લોકો-લોકો વચ્ચે અંતર અને દુશ્મની વધારવાનું કામ ચાલી રહયું હોવાનું ભાગવતનું નિવેદન

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગતે આજે દશેરાના દિવસે નાગપુરમાં વાર્ષિક સંઘ રેલીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષથી આપણને એ પ્રશ્ન પુછાઈ રહયો છે કે સંવિધાનના કારણે રાજકીય તથા આર્થિક ક્ષમતાના માર્ગ તો નિશ્ચિત થઈગયો છે. પરંતુ સામાજિક ક્ષમતા વિના વાસ્તવિક તથા ટકાઉ પરિવર્તન નહીં આવે અને આ ચેતવણી આપણને બાબાસાહેબ આંબેડકરે અગાઉ જ આપી હતી. ભાગવતે તેમના સંબોધનમાં આગળ વધતા કહ્યું કે સનાતન સંસ્કૃતિ ભારતની પવિત્ર ભૂમિ ઉપર જન્મી છે. હિમાલયથી લઈને સાગર સુધી આ સંસ્કૃતિ ફેલાય છે અને તેથી જ આપણે સૌ ભારતીયોની જવાબદારી છે કે સનાતન સંસ્કૃતિનો પ્રચાર પૂરા વિશ્વમાં થાય અને સાથોસાથ આપણે તેને પણ અપનાવીએ. આપણે કોણ છીએ, આપણી આત્મા શું છે તેની સ્પષ્ટ જાણકારી હોવી જોઈએ અને આપણે પાસે જો આ જાણકારી હશે તો આપણી પ્રગતિનો રસ્તો સાફ-સાફ દેખાશે.

મોહન ભાગવતે મહત્વપૂર્ણ વિધાનમાં દેશની વધતી જતી વસ્તી અને વસ્તીની અસમતુલા અંગે જણાવ્યું હતું કે દેશમાં હવે એકસમાન જનસંખ્યા નીતિ લાવવી જરૂરી છે અને તે પણ કોઈને કોઈ છૂટ નહીં તેવી નીતિ લાવવી જોઈએ. ચીનમાં જ્યારે જનસંખ્યા બોજ બની ગઈ હતી તો તૂર્ત જ તેણે આ પ્રકારની નીતિ લાગુ કરી હતી અને ભારતમાં પણ હવે તે જરુરી છે. આજે સંઘના આ વાર્ષિક સમારોહમાં પ્રથમ વખત મહિલા મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી સંતોષ યાદવ ઉપસ્થિત હતા. સંતોષ યાદવે બે વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર એકમાત્ર મહિલા છે અને તેઓએ સંઘ કાર્યાલય ખાતે શસ્ત્ર પૂજન પણ કર્યુ હતું અને કહ્યું કે શુભ કાર્યના પૂર્વે શક્તિ જરુરી હોય છે. મોહન ભાગવતે જણાવ્યું કે સંઘના કાર્યક્રમોમાં અતિથિ તરીકે મહિલાઓની ઉપસ્થિતિની પરંપરા જૂની છે. વ્યક્તિ નિર્માણ શાખા પધ્ધતિ પુરૂષ અને મહિલા બંને માટે સમાન છે. મોહન ભાગવતે દેશને સંગઠીત અને શક્તિશાળી બનાવવાની આવશ્યકતા દર્શાવતા કહ્યું કે શાંતિ માટે શક્તિ જરૂરી છે.

મોહન ભાગવતે કહ્યું કે દેશમાં લોકો-લોકો વચ્ચે અંતર અને દુશ્મની વધારવાનું કામ આજે પણ ચાલી રહ્યું છે. પરંતુ લોકોએ તેના બહેકાવામાં આવવું જોઈએ નહીં. સંઘવડાના આ વિધાનો મહત્વના છે. તેમણે આગળ વધતા કહ્યું કે એવા લોકો સ્વાર્થ માટે આપણા હમદર્દ બનીને આવે છે પરંતુ તેની ચુંગાલમાં ફસાવું જોઈએ નહીં. તેની ભાષા પણ પ્રાંત, નીતિ કોઈપણ હોય પરંતુ તેનો નિર્ભયતાપૂર્વક પ્રતિકાર કરવો પડશે.

મુંબઈમાં આજે ઉધ્ધવ ઠાકરે - શિંદે જૂથ વચ્ચે શકિત પ્રદર્શન : બંને જૂથો દ્વારા તડામાર તૈયારી

મુંબઈ તા.૫

શિવસેનામાં વિદ્રોહ બાદ ઉધ્ધવ ઠાકરે અને શિંદે જૂથ આજે દશેરા રેલીથી પોતાની રાજનીતિકતાકાતનું શકિત પ્રદર્શન કરશે. શિંદે જૂથની રેલી બીકેસી મેદાનમાં યોજાનાર છે જયારે ઉધ્ધવ જૂથની રેલી શિવાજી પાર્કમાં યોજાનારી છે. બન્ને જુથે એકબીજાને પછાડવાની પૂરી તૈયારી કરી લીધી છે. આ રેલીઓમાં આવનારી ભીડના અનુમાનથી પોલીસ એલર્ટ મૂડમાં છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી દેવેન્દ્ર ફડનવીસે જણાવ્યું છે કે અમે નિશ્ચિત કર્યુ છે કે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે. બસ એ વાતની ચિંતા છે કે કોઈ અસામાજિક તત્વ ભીડમાં ઘુસીને તેનો ગેરફાયદો ઉઠાવી અસ્થિરતા ફેલાવે નહી.

અટકળો એ પણ છે કે ઉધ્ધવની દશેરા રેલીને સફળ બનાવવા માટે કોંગ્રેસ અને એનસીપીના કાર્યકર્તા પણ આવી શકે છે. મુખ્યમંત્રી શિંદેએ બધા ધારાસભ્યો અને પદાધિકારીઓને ભીડ જમા કરવાના ટાર્ગેટ આપી દીધા છે. લોકોને મુંબઈ લાવવા ૧૮૦૦ બસો બુક કરાઈ છે અને એક જાણીતા કેટરર્સને અઢી લાખ ફૂડ પેકેટ બનાવવાના ઓર્ડર અપાયા છે. બીજી બાજુ ઉધ્ધવ જૂથે શિવાજી પાર્કમાં રેલીને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. શિવસેનાનું કહેવું છે કે અમારા માટે શિવાજી પાર્કની રેલી કોઈ નવી વાત નથી. અહીં દર વર્ષે રેલી થાય છે.

ઓપરેશન ચક્ર : ભારતમાંથી વિદેશમાં કરાતી સાયબર છેતરપીંડીમાં સીબીઆઈનાં અમદાવાદ સહિત દેશભરમાં દરોડા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૫

દેશમાં વધતા જતા સાયબર ફ્રોડ સામે હવે કેન્દ્રીય એજન્સી સીબીઆઈએ ગઈકાલથી શરૂ કરેલા અભિયાનમાં ૧૧૫થી વધુ સ્થળો ઉપર દરોડા પાડ્યા હતા અને તેમાં ઈન્ટરપોલ ફેડરલ બ્યુર ઓફ ઈન્વેસ્ટીગેશન (એફબીઆઈ) દ્વારા જે ઈનપૂટ્સ મળ્યા હતા તેના આધારે અનેક ધરપકડ શરુ કરવામાં આવી છે. સાઈબર અપરાધીઓ સામેનું આ સૌથી મોટુ અભિયાન છે.

દિલ્હીમાં પાંચ સ્થળોએ ઉપરાંત રાજસ્થાન, પુણે, અમદાવાદ, આંદામાન-નિકોબાર, ચંદીગઢ, પંજાબ, કર્ણાટક, આસામ સહિતના સ્થળોએ દરોડા પડાયા છે. લાંબા સમયથી ભારતમાં બનાવટી કોલ સેન્ટર મારફત અમેરિકન, કેનેડીયન, ઓસ્ટ્રેલિયન સહિતના નાગરિકો સાથે જે છેતરપીંડીની ઘટનાઓ બની હતી તેના આધારે એફબીઆઈ ઉપરાંત રોયલ કેનેડીયન માઉન્ટેન પોલીસ તથા ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ દ્વારા અપાયેલી ટીપ્સના આધારે આ દરોડા પડાયા હતા જેને ઓપરેશન 'ચક્ર' કોડનેમ અપાયું હતું અને સ્થાનિક પોલીસને પણ સાથે લેવામાં આવી હતી. જેમાં રાજસ્થાનના રામસમનમાં એક સ્થળે દરોડા સમયે નકલી કોલ સેન્ટર ઝડપાયું હતું અને ત્યાંથી દોઢ કરોડ રોકડા તથા દોઢ કિલો સોનુ પણ મળી આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદમાંથી વારંવાર અમેરિકી નાગરિકોને ટેક્સ ઉઘરાણી અંગેના બનાવટી કોલ કરીને તેઓ પાસેથી મોટી રકમ પડાવાય છે અને અમદાવાદમાં પણ ગુજરાત પોલીસે ભૂતકાળમાં દરોડા પાડીને આ કોલ સેન્ટર ઝડપી લીધા હતા તે સંદર્ભમાં પણ અમદાવાદમાં સીબીઆઈની ટીમે વધુ તપાસ કરી હતી. સીબીઆઈના સુત્રોના જણાવ્યા મુજબ અંદાજે ૩૦૦થી વધુ લોકો હાલ શંકાના દાયરામાં છે અને તેમની પુછપરછ શરૂ કરવામાં આવી છે. છેક આંદામાન નિકોબાર સુધી આ પ્રકારનું નેટવર્ક હોવાનું બહાર આવ્યું છે.

ગુજરાત - હિમાચલ પ્રદેશની ચૂંટણી પહેલા જ ચૂંટણીપંચ 'મફત રેવડી' પ્રથાને બ્રેક મારશે

નવી દિલ્હી,તા. ૫ : ડિસેમ્બરમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, ચૂંટણી પંચે રાજકીય પક્ષોને મફત વચનો આપતા અટકાવવા માટે એક મિકેનિઝમ મૂકવાની પહેલ શરૂ કરી દીધી છે, જે તે ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં જ અમલમાં મૂકશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આયોગ આ બે રાજયો અને સંભવતઃ જમ્મુ અને કાશ્મીરમાં ઓકટોબરના અંતિમ દિવસોમાં ચૂંટણીની જાહેરાત કરે તેવી શકયતા છે અને આ ચૂંટણીઓથી જ મેનિફેસ્ટોનું નિયમન લાગુ કરવામાં આવશે.

ચૂંટણીપંચે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેણે કહ્યું કે તે ચૂંટણી વચનો અને તેની નાણાકીય સ્થિરતા ઉપર સંપૂર્ણ માહિતી ન આપવાના અનિચ્છનીય અસરને અવગણી શકે નહીં. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે કહ્યું કે વર્તમાન એમસીસીમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોને તેમના વચનોના કારણો જણાવવા માટે કહેવામાં આવે છે. તેમના નાણાકીય સ્ત્રોતો અને ક્માણી જણાવો કે જેમાંથી તેઓ તેમને પરિપૂર્ણ કરી શકશે, પરંતુ એવું જોવામાં આવ્યું છે કે આ ઘોષણા સામાન્ય અને અસ્પષ્ટ બની ગઈ છે, જે મતદારોને યોગ્ય માહિતી સાથે પક્ષ અથવા ઉમેદવારને પસંદ કરવાની તક આપતી નથી.

ઉત્તરાખંડમાં જાનની બસ ઉંડી ખીણમાં ખાબકતા ૨૫ જાનૈયાનાં કરૂણ મોત

ગઢવાલ (ઉત્તરાખંડ), તા.૫

ઉત્તરાખંડના પૌડીમાં ગત મોડી રાત્રે દુર્ઘટના સર્જાઈ ગઈ. ડીજીપી અશોક કુમારે જણાવ્યું હતું કે, ધૂમાકોટના બિરોખલ વિસ્તારમાંગત રાત્રે પૌડી ગઢવાલ બસ દુર્ઘટનામાં ૨૫ લોકોના મોત થયા છે. જયારે ૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પોલીસ અને એસડીઆરએફે સમગ્ર ગતરાત્રી દરમ્યાન ૨૧ લોકોને બચાવ્યા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે.

આ દુર્ઘટના ત્યારે થઈ જયારે હરિદ્વારના અંતર્ગત લાલઢાંગથી કાડા તલ્લા જઈ રહેલી ૫૦ જાનૈયાઓ ભરેલી બસ સિમડીગામ નજીક બેકાબૂ થઈને ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી.

ઘટના સ્થળે પોલીસ અને એસડીઆરએફની ટીમ રેસ્કયૂ ઓપરેશન ચલાવી રહી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ કંટ્રોલ રૂમમાં પહોંચીને તાત્કાલિક રાહત પહોંચાડવાના નિર્દેશ આપ્યા છે. શ્રીનગર, કોટદ્વાર, સતપુલીઅને રુદ્રપુરથી એસડીઆરએફની રેસ્કયૂ ટીમે ઘટનાસ્થળ ઉપર રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે.

વિશ્વમાં આગામી ૧૨ મહિનામાં મંદી આવશે પરંતુ ખૂબજ હળવી અને ટુંકી રહેશે

નવી દિલ્હી તા. ૫ : એક અહેવાલ મુજબ લગભગ ૪૬ ટકા ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (સીઈઓ) આગામી છ મહિનામાં પોતાનું કાર્યબળ ઘટાડવાનું વિચારી રહ્યા છે, જ્યારે ૩૯ ટકાએ તો તે શરૂ પણ કરી દીધું છે. ૨૦૨૨ના ૧૨ જુલાઈથી ૨૪ ઓગસ્ટ દરમ્યાન વિશ્વભરના ૧૩૨૫ સીઈઓ ઉપર કરાયેલ સર્વેના તારણ અનુસાર, ૮૬ ટકા સીઈઓ માને છે કે આગામી ૧૨ મહિનામાં મંદી આવશે જેના લીધે મહામારી પછીની આર્થિક રીકવરી અઘરી બનશે. લગભગ ૫૮ ટકાને આશા છે કે આ મંદી બહુ હળવી અને ટુંકી હશે. મોટાભાગના સીઈઓને જો કે વિશ્વાસ છે કે આગામી ત્રણ વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ થશે. ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં થયેલ સર્વેમાં વિકાસ સામે સૌથી મોટો ભય સાઈબર સીક્યોરીટીને ગણાવાયો હતો. જ્યારે આ સર્વે દર્શાવે છે કે, સીઈઓને સૌથી વધારે ભય ઉભરતી અને વિનાશકારી ટેકનોલોજીનો લાગે છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૫૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જયાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

CNG - LPG
રી-ટેસ્ટીંગ

CNG ફીટીંગ સેન્ટર

યશ ઓટો ગેસ

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ

લોહી તથા બોનમેરોને લગતા તમામ પ્રકારના રોગના નિષ્ણાંત આપના શહેરમાં

ડૉ. નિસર્ગ ઠક્કર

તપાસ ફી ~~₹૧,૨૦૦~~ ₹૬૦૦ | દર મહિના ના પહેલા શુક્રવારે

તારીખ: ૦૭ ઓક્ટોબર ૨૦૨૨, શુક્રવાર

અપોઈન્ટમેન્ટ માટે :
૯૯૭૯૭ ૯૩૯૫૯

WOCKHARDT HOSPITALS | LIFE WINS

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડૉ. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

EST. 1992
Trans Globe
Global Education Specialists
Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe
Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available
Exptert Test Preparations :
IELTS / PTE / TOEFL
2 Years Post Study work visa Granted**
Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy
Directly dealing with Universities & Visa Office
Trans Globe, 214-216, Raijinagar Complex, Opp. Moti Palace Appartment, Junagadh.
Ph. : 0285 2675213 | M : 88663 28027, 94094 30348
Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com

ગાંધી જયંતિ નિમિતે હાર્દિક શુભેચ્છા....

વિરાટ કૉમ્પ્રેસિવ સ્ટ્રેન્થ
અંબુજા સિમેન્ટ

Festival Offer 2022
Sales upto 70% Off*

Autho Dealer :
VIP | ARISTOCRAT

પટેલ સેલ્સ એજન્સી
દિવાન ચોક, જુનાગઢ. ફોન : ૨૬૨૧૪૮૯

ગીર સોમનાથ જીલ્લાના ખાદી ભંડારો ગાંધી જયંતિથી ધમધમી ઉઠયા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૫

ગીર સોમનાથ જીલ્લામાં ગાંધી જયંતી બીજીઓક્ટોબરથી ખાદી ભંડારો ખરીદી રસિકોથી ધમધમી ઉઠયા છે. જીલ્લામાં વેરાવળ અને ઉના ખાતે ખાદી ભંડારો આવેલા છે. ખાદી ખરીદીમાં વળતર ગ્રાહકોનું મોટુ આકર્ષણ હોય છે. વેરાવળ ખાદી ભંડારના પ્રવિણભાઈ પટ્ટણીએ જણાવ્યું કે બીજી ઓક્ટોબર ૯૦૨૦૦ ની ખાદી અને ૧૪ હજારની ગામોધોગની વસ્તુઓ વેંચાઈ વેરાવળ ખાતે ૧૯૬૮થી ખાદી ભંડાર કાર્યરત છે. ગત વર્ષે એટલે કે ઓક્ટોબર ૨૦૨૧ માં પાંચ લાખ ચોરયાસી હજાર પાંચસો સાતની ખાદી વેંચાઈ હતી. ૨ ઓક્ટોબર ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં કુલ રૂપિયા ૧૪ લાખ ૭૯ હજારની ખાદી લોકોએ અહીંથી ખરીદી હતી. આ વરસે વિવિધ આકર્ષક રંગો અને ફેશન ડીઝાઈને કારણે યંગ જનરેશન પણ ખાદી લેવા આવતું રહે છે ૨૦૨૧ - ૨૨ મા ૧૯ લાખ ૯૧ હજાર ૪૭૨ ની ખાદી વહેંચણી છે. ગત બે વરસો કોરોનાની વધતા ઓછા અંશે અસરવાળા હતા તેને બદલે આ વરસે આવુ કંઈ નથી વરસાદ પાણી પણ સારાં છે અને ખાદી વળતર માસ દરમ્યાન જ રાજય ચુંટણીના રંગ રંગાઈ જશે જેથી ચુંટણીના ઉમેદવારો ટેકેદારો સમર્થકોનો એક એવો વર્ગ હજી યેછે કેખાદી પહેરવાથી જ નેતાજી પ્રતિભા ખીલી ઉઠે છે જેથી ધંધાની સારી આશા છે. ખાદી વસ્ત્ર નહીં પરંતુ વિચારધારા છે જે આર્થિક સ્વતંત્ર સ્વદેશી રોજગારી અને રાષ્ટ્રની ઓળખ છે. વેરાવળના પાંચ નાગરિકો આજીવન ખાદી હજુ ય પહેરે છે તેમાંના વિધુતનગર પાસે રહેતા નિવૃત એડવોકેટ કનુભાઈ જોષી સંપૂર્ણ ખાદીના જ કપડા નેપકીન, રૂમાલ, ઓશીકા કવર, વિદ્યાર્થીઓ કાળથી જ વાપરે છે અને દર વર્ષે કપડાનો સ્ટોક હોય છતાં ખાદી ખરીદે ખરીદે જ છે તેઓ જણાવે છે કે ૧૯૬૯ કોગ્રેસનું વિભાજન થયું ત્યારથી ખાદી પહેરવાની શરૂઆત કરી કોર્ટમાં પ્રેક્ટિસ કરતી વખતે પણ કાળો કોટ પેન્ટ તેમજ શર્ટમાં પણ ખાદીના પહેરીને પ્રેકટીસ કરી છે. હુ સ્કુલમાં અભ્યાસ કરતો ત્યારે પ્રાથમિક ઉના એસ ડી હાઉસ્કુલ રસિકચંદર આચાર્યનો સંપર્ક થયો તેઓ પ્રજાસમાજ વાદી પાર્ટના તેઓ લીડર હતા. વક્તા ઓ હોય ત્યારે સાંભળવા જતો હોય ત્યારે બાદ મુંબઈ અભ્યાસ માટે ગયો અને અભ્યાસ પુર્ણ કરી અને ઘરે આવ્યો પછીથી ખાદી પહેરવાની શરૂઆત કરી વર્ષમાં ૧૫૦૦૦ રૂપિયાની ખાદીની ખરીદ કરૂ છું શરૂઆતમાં ગુજરાતની ખાદીના ૧૫ થી ૨૦ અને પરપ્રાંતિય ખાદી ૨૫ થી ૩૦રૂપિયા હતા તે પહેલા એટલી મોંઘી નહતી.

જૂનાગઢ જીલ્લામાં સ્વચ્છતાની શ્રેષ્ઠ કામગીરી કરનાર બીલખા, ઈવનગર અને મેવાસા કમરીના સરપંચોનું સન્માન કરાયું

સ્વચ્છતાની થીમ ઉપર જિલ્લાભરની શાળાઓમાં સ્વચ્છતાલક્ષી સ્પર્ધાઓ, પ્રભાતફેરી, સ્વચ્છતા સંવાદ, વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ, તા.૫

ભારત સરકાર ના પે જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૫ સપ્ટેમ્બરથી તા.૨ ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા કેમ્પેઈનની ઉજવણી કરવામાં આવી હતી. આ કેમ્પેઈનની ઉજવણીની પૂર્ણાહુતિના ભાગરૂપે સરપંચોને સ્વચ્છતાને લગત ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જૂનાગઢ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખના સીધા માર્ગદર્શન હેઠળ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી જૂનાગઢના નિયામક પી.જી.પટેલના નેતૃત્વમાં જિલ્લાના ગામોમાં બીજી ઓક્ટોબરને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. જૂનાગઢ તાલુકાના બિલખા ગામે આયોજિત કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે બીલખા, ઈવનગર અને મેવાસા કમરીના સરપંચશ્રીને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તારીખ ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ગ્રામીણ વિકાસ અને સ્વચ્છતાની થીમ ઉપર જિલ્લામાં જાહેર સ્થળોની સ્વચ્છતા, જળાશયો આસપાસ સ્વચ્છતા તેમજ વૃક્ષારોપણ, શાળામાં સ્વચ્છતા અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતાલક્ષી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ ઉપરાંત વહેલી સવારે ગ્રામજનો દ્વારા પ્રભાતફેરી શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા રેલી તેમજ સરપંચશ્રીઓ પદ અધિકારીઓને ગ્રામજનો સાથે સ્વચ્છતા સંવાદ યોજી સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.

વેરાવળ ખાતે બ્રહ્મસમાજ પારંપરિક ધોતી સાથે માતાના ગરબે ઘુમ્યા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૫

નવરાત્રીના આઠમાં નોરતે માતાની વિશેષ આરાધના કરવા સોમનાથ-વેરાવળ ખાતે બ્રહ્મ સમાજ દ્વારા વિશેષ ધોતી પહેરીને રાસ લેવામાં આવ્યા હતા. ધોતી જેને અબોટીયુ, મૂકટો અથવા પીતાંબર કહે છે તે બ્રહ્મ સમાજનું આદિ અનાદિ વસ્ત્ર પરિધાન કહેવાયું છે ત્યારે યુવા પેઢી સંસ્કૃતિથી જોડાઈ રહે તેવા શુભ આશયથી બ્રહ્મ સમાજ દ્વારા ધોતી પહેરીને વિશેષ રાસનું આયોજન કરાયું હતું.

નવરાત્રી એટલે માતાની આરાધના કરવાનો પર્વ દરેક લોકો પોત પોતાની યથાશક્તિ જગતજનની મા શક્તિની આરાધના કરતા હોય છે ત્યારે સોમનાથ ક્ષેત્રના વેરાવળ તાલુકાના તમામ બ્રાહ્મણોએ પોતાનું પારંપરિક વસ્ત્ર પરિધાન ધોતી પહેરીને માતાની આરાધના કરી હતી. કર્મકાંડ હોય કે શુભ પ્રસંગ દરેક જગ્યાએ બ્રાહ્મણો ધોતી પહેરે અને યુવા પેઢી હજારો વર્ષોથી વારસામાં મળેલી પારંપારિક વેશભૂષા સાથે જોડાયેલ રહે અને સામાજિક ભાવના કેળવે તેવા આશયથી પારંપરિક ધોતીમાં માતાના રાસનું આયોજન કરાયું હતું અનેક ફિલ્મોમાં કામ કરેલા રિલાન્સ એક્ટર અને પ્રોડ્યુસર હિરેન વૈદ્યએ નિર્ણાયક તરીકે આ ધોતી રાસમાં હાજરી આપી હતી. બ્રહ્મ સમાજ ધોતીમાં શિવ સ્વરૂપે ગરબા રમ્યો હતો જેને નિર્ણાયક દ્વારા પણ બિરદાવવામાં આવેલ હતો.

મુખ્યમંત્રીએ શોધ યોજનાના જૂનાગઢના લાભાર્થી સંશોધક સાથે સંવાદ કરી આપ્યું પ્રોત્સાહન

અગરિયા ઉપર પી.એચડી કરનારા જૂનાગઢના સંશોધકને રૂા. ૧,૫૦,૦૦૦ની સ્ટાઈપેન્ડ મળ્યું : સંશોધકો માટે શોધ યોજના લાભકારકઃ શોધ યોજનાના સ્ટાઈપેન્ડથી રિસર્ચ-ઈનોવેશનને પ્રોત્સાહન મળશે

જૂનાગઢ, તા.૫

મુખ્યમંત્રીએ જૂનાગઢના શોધ યોજનાના લાભાર્થી સંશોધક સાથે સંવાદ કરી પ્રોત્સાહન આપ્યુ હતું. અગરિયા વિષય ઉપર પી.એચડી. કરનારા જૂનાગઢના સંશોધક અશ્વિનભાઈ ચાવડાને રૂા.૧,૫૦,૦૦૦ની સ્ટાઈપેન્ડ શોધ યોજના અન્વયે પ્રાપ્ત થઈ હતી. આ સંશોધકે કહયુ હતું કે, સંશોધકો માટે શોધ યોજના લાભકારક યોજના છે. શોધ યોજનાના સ્ટાઈપેન્ડથી રિસર્ચ-ઈનોવેશનને પ્રોત્સાહન મળશે.

જૂનાગઢ જિલ્લાથી અશ્વિનભાઈ ચાવડા જણાવે કે તેઓએ જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિર્વસિટીમાંથી ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં અગરીયા વિષય ઉપર લોક-સાહિત્યમાં ઉપર **PH.D.**નો અભ્યાસ કરે છે. તેમને સરકારની શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં દર-મહિને રૂ. ૧૫,૦૦૦ મળતા હતા. અત્યાર સુધી વર્ષની કુલ રૂ. ૧,૫૦,૦૦૦ની સ્ટાઈપેન્ડ મળી ગઈ છે તેમને **SHODH** યોજના હેઠળ દર-મહિને સ્ટાઈપેન્ડ સહાય મેળવવામાં કોઈ તકલીફ પડી નહતી. આ વિશે અશ્વિનભાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને જણાવ્યું હતું કે, તરસ્યાંને જેમ પાણી મળે અને તરસ સંતોષાય, તેમ તેમનાં શોધકાર્ય (રીસર્ચ)માં આ **SHODH** યોજના આર્થિક રીતે ઘણી ઉપયોગી થઈ છે. તેમનાં રીસર્ચમાં ફીલ્ડ વર્ક વધુ હોવાથી તેમને પૈસાની ખુબ જરૂર રહેતી હતી. આ રકમ પી.એચડીનાં અભ્યાસક્રમમાં ખુબ ઊપયોગી થઈ હતી. તેઓ વધુમાં કહે છે કે, શોધ યોજનાની સ્ટાઈપેન્ડ સહાય પીએચ.ડી.ના સંશોધકોને ખુબ મદદરૂપ નીવડે છે, જરૂરિયાતમંદ સંશોધક માટે આ શોધ યોજના બહુ ઉપયોગી છે. જે સંશોધકોને પ્રોત્સાહન આપે છે. તેમનાં જેવા પી.એચડીનો અભ્યાસ કરનાર અનેક સંશોધકોને દર વર્ષે આ યોજનાનો લાભ મળે છે તેઓ ખુદને આ યોજનાનો લાભ મળેલ હોવાથી તેઓ ધન્યતા અનુભવે છે. તેમજ સરકાર પ્રત્યે ઋણની લાગણી વ્યકત કરે છે. અશ્વિનભાઈએ મુખ્યમંત્રીનો આ માટે ખુબ-ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

બાબા મિત્ર મંડળ અન્નક્ષેત્ર જૂનાગઢ દ્વારા બાળકોને મીઠાઈ-ફરસાણ, નાસ્તા બોક્ષ, ટુથપેસ્ટનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૫

બાબા મિત્ર મંડળ અનક્ષેત્ર જૂનાગઢ દ્વારા તા.૪-૧૦-૨૦૨૨ના રોજ શ્રદ્ધા નેટવર્ક ઓફ જૂનાગઢ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી/એઇડ્સ સંસ્થામાં ચાલતા વિહાન પ્રોજેક્ટ દ્વારા બાબા મિત્રમંડળ (નીલેશભાઈ), મહેન્દ્રભાઈ મહેતા (નીલમ સેલ્સ એજન્સી), જાગૃતિબેન (લાભાર્થી)ના સહયોગથી મીઠાઈ, ફરસાણ, નાસ્તા બોક્ષ અને ટૂથપેસ્ટનું વિતરણ કરવામાં આવેલ જેમાં નરેન્દ્રભાઈ સોલંકી (પ્રોજેક્ટ ડીરેકટર) ડો,ચંદ્રેશભાઈ વ્યાસ(ડી.ટી.ઓ) ડો.કુલદીપ પરમાર (એ.આર.ટી મેડીકલ ઓફીસર)અને કમલેશભાઈ (કાઉન્સેલર) તેમજ વિહાનટીમ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત આવેલ દાતા તેમજ મેડીકલ ઓફિસરનું પુષ્પ આપી સ્વાગત કરવામાં આવેલ, નરેન્દ્રભાઈ સોલંકી (પ્રોજેક્ટ ડીરેક્ટર) દ્વારા સંસ્થા અને વિહાન પ્રોજેક્ટ વિશે માહિતી આપવામાં આવેલ, બાળકોને ડો.વ્યાસ દ્વારા દવાની નિયમિતતા વિશે તેમજ મેડીકલ ઓફિસર દ્વારા નિયમિત તબીબની મુલાકાત તેમજ કોઈ પણ સમયે સારવાર આપવા બાબતે લાગણી વ્યક્ત કરેલ તેમજ કમલેશભાઈ (કાઉન્સેલર) દ્વારા શરીરની ચોખ્ખાઈ રાખવા બાબતે માહિતી આપવામાં આવેલ. બાળકોને મીઠાઈ, ફરસાણ, નાસ્તા બોક્ષ અને ટૂથપેસ્ટનું વિતરણ કરવામાં આવેલ અને નાસ્તો કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવનાર વિહાન સ્ટાફ, બાબા મિત્રમંડળ (નીલેશભાઈ), મહેન્દ્રભાઈ મહેતા (નીલમ સેલ્સ એજન્સી), જાગૃતિબેન (લાભાર્થી)ના સહયોગથી મીઠાઈ, ફરસાણ, નાસ્તા બોક્ષ અને ટૂથપેસ્ટ આપનાર દાતા તેમજ સંસ્થાની લાગણીને માન આપી કાર્યક્રમમાં હાજર રહેલ ડો.ચંદ્રેશભાઈ વ્યાસ (ડી.ટી.ઓ) ડો.કુલદીપ પરમાર (એ.આર.ટી મેડીકલ ઓફીસર) અને કમલેશભાઈ (કાઉન્સેલર)નો શ્રદ્ધા નેટવર્ક ઓફ જૂનાગઢ પીપલ લીવીંગ વિથ એચ .આઈ.વી/એઇડ્સ સંસ્થા તેમજ વિહાન પ્રોજેક્ટ આભાર વ્યક્ત કરે છે અનેહંમેશા આપના તરફથી સહકાર મળી રહે તેવી અપેક્ષા રાખી હતી.

વિશ્વ વિખ્યાત સાળંગપુરધામમાં હવે ટૂંક જ સમયમાં ભક્તોને નવું નજરાણું માણવા મળશે

૧૦૩૩ કિમીનું અંતર કાપી ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની મૂર્તિ સાળંગપુર પહોંચી : ૧૫ દિવસ પછી લોકો કરી શકશે દાદાના દર્શન

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૫

સાળંગપુર ધામમાં ૧૫ દિવસ પછી હનુમાનજીની ૫૪ ફૂટ ઊંચી પંચધાતુની મૂર્તિના દર્શન કરી શકાશે. હરિયાણાના માનેસરમાં દાદાની મૂર્તિ બનીને તૈયાર થયા બાદ તેના બે પાર્ટ ૧ હજાર ૩૩ કિલોમીટરનું અંતર કાપીને મોટા ટ્રકમાં સાળંગપુર આવી ગયા છે. દાદાની મૂર્તિના બે મોટા પાર્ટ સાળંગપુર આવી પહોંચતા મંદિરના સંતોએ મંત્રોચ્ચાર સાથે પૂજન કરીને સ્વાગત કર્યું હતું. અત્યારે દાદાની મૂર્તિના ચરણવિંદ ૧૮ ફૂટ ઊંચા બેઝ ઉપર લગાવી દેવામાં આવ્યા છે. સાળંગપુરમાં અત્યારે ૧ લાખ ૩૫ હજાર સ્કવેર ફૂટમાં આકાર લઈ રહેલા કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટનું ૭૦ ટકા થી વધુ કામ અત્યારે પૂર્ણ થઈ ગયું છે. દિવાળી પહેલા દાદાની મૂર્તિ અહીં અલગ-અલગ સ્ટેપમાં પ્રસ્થાપિત થઈ જશે. જેનું લોકાર્પણ ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરે તેવી પ્રબળ શક્યતા છે.

સાળંગપુર મંદિરના શાસ્ત્રી હરિપ્રકાશદાસ સ્વામીએ આ અંગે વાત કરતાં જણાવ્યું કે, હનુમાનજીની ૫૪ ફૂટ ઊંચી મૂર્તિનું લોકાર્પણ વડતાલ ગાદીના આચાર્યઅને સંતો દ્વારા કરશે તેવી નક્કી કર્યું હતું. આ પછી અમે બધા સંતોએ વિચાર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાદાની વિશાળ મૂર્તિનું લોકાર્પણ કરે. આ માટે અમને પીએમઓમાંથી કન્ફર્મેશન પણ આવી ગયું છે. ત્યાંથી અમને ટૂંક જ સમયમાં તારીખ પણ જણાવશે.'' ૩૭૦ કારીગરો દિવસના ૧૮-૧૮ કલાક કામ કરે છે.

કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટની વિશેષતાની વાત કરીએ તો અહીં અત્યારે ૩૭૦ કારીગરો દિવસના ૧૮-૧૮ કલાક કામ કરી રહ્યા છે. ૫૪ ફૂટની દાદાની મૂર્તિ ૧૮ ફૂટ ઊંચા બેઝ ઉપર દક્ષિણ મુખે સ્થાપિત કરાશે. બેઝની વોલ ઉપર દાદાનું જીવનચરિત્ર દર્શાવતી મ્યુરલ કંડારાશે. આ ઉપરાંત બેઝ ઉપર સાળંગપુર ધામના ઈતિહાસના દર્શન થશે. બેઝ ઉપર દાદાની પરિક્રમા ૭૫૪ ફૂટ લાંબી હશે. દાદાની મૂર્તિની બરાબર સામે ચાર મોટા ગાર્ડન બનાવાશે જેમાં ૧૨ હજારથી વધુ લોકો એક સાથે આરામથી બેસી શકશે. અહીં ગાર્ડન બનાવવા માટે રાજકોટથી ૬૦ હજાર કિલો જૈવિક ખાતર મંગાવવામાં આવ્યું છે. ગાર્ડનમાં સોફ્ટ લોન ઉગાડવામાં આવશે. તો ગાર્ડનની ફરતે ચાર પ્રકારના ૮,૩૩૫ પ્લાન્ટ લગાવવામાં આવશે. આ ઉપરાંત ગાર્ડનમાં પરમેનન્ટ ઈરિગ્રેશન સિસ્ટમ લગાવવામાં આવશે તો ૧૫૦૦થી વધુ લોકોની ક્ષમતાવાળું એમ્ફિથિએટર બનાવાશે. અહીં લોકો લાઈટ અને સાઉન્ડ શોનો રોમાંચ પણ માણી શકશે. આ પ્રોજેક્ટ આર્ટ અને આર્કિટેક્ટનો સુભગ સમન્વય છે. જેથી અહીં હિન્દુ-સંસ્કૃતિ અને ગૌરવની અનુભૂતિ થશે.

દાદાની મૂર્તિની વિશેષતાની વાત કરીએ તો, મૂર્તિનું કુલ વજન ૩૦ હજાર કિલો છે અને તેની અંદર પ્યોર સ્ટીલનું સ્ટ્રક્ચર બનાવાયું છે. મૂર્તિ બનાવવા માટે ૩ડી પ્રિન્ટર, ૩ડી રાઉટર અને સીએનસી મશીનનો ઉપયોગ કરાયો છે તથા પંચધાતુની થિકનેસ ૭ એમએમ છે. દાદાની આ મૂર્તિ ઉપર ભૂકંપના મોટા ઝટકાની જરાય અસર થશે નહીં અને દાદાની મૂર્તિ ૫ હજાર વર્ષ સુધી અડિખમ રહેશે.

દાદાની ભવ્ય મૂર્તીની વાત કરીએ તો મુખારવિંદ ૬.૫ ફૂટ લાંબુ અને ૭.૫ ફૂટ પહોળું છે. દાદાનો મુગટ ૭ ફૂટ ઊંચો અને ૭.૫ ફૂટ પહોળો તેમજ ગદા ૨૭ ફૂટ લાંબી અને ૮.૫ ફૂટ પહોળી છે તો હાથ ૬.૫ ફૂટ લાંબા અને ૪ ફૂટ પહોળા જ્યારે પગ ૮.૫ ફૂટ લાંબા અને ૪ ફૂટ પહોળા છે. આ ઉપરાંત પગનાં કડાં ૧.૫ ફૂટ ઊંચા અને ૩.૫ ફૂટ પહોળાં તો હાથનાં કડાં ૧.૫ ફૂટ ઊંચા અને ૨.૫ ફૂટ પહોળાં છે તથા આભૂષણ ૨૪ ફૂટ લાંબા અને ૧૦ ફૂટ પહોળા છે.

ખંભાળિયાના યોગ કેન્દ્ર ખાતે 'કિશોરી મેળો' યોજાયો : ૧૦૫ કિશોરીઓએ લાભ લીધો

નયારા એનર્જીના સંકલનથી ચાલતા પ્રોજેક્ટ તુષ્ટિ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ગુજરાત સરકાર તથા નયારા એનર્જીના સંકલનથી ચાલતા પ્રોજેક્ટ તુષ્ટિ (અમલીકરણ સંસ્થા જે.એસ.આઈ. આર.એન્ડ ટી. ફાઉન્ડેશન, દિલ્હી તથા આઈઆઈપીએચ, ગાંધીનગર) મારફત આઈ.સી.ડી.એસ. શાખા તથા આરોગ્ય વિભાગ સંકલનમાં રહી દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાન યોગ કેન્દ્ર ખાતે "કિશોરી મેળા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં કુલ ૧૦૫ કિશોરીઓ તથા ૫૦ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ હાજર રહી, મેળાનો લાભ લીધો હતો. જેમાં વિવિધ રમત ગમત મારફતે કિશોરીઓને પોષણ, વ્યાયામ, એનેમિયા વિગેરેનું સંપરામાર્શ તથા બી.એમ.આઈ, અને હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. આ મેળામાં લાઈવ વાનગી નિદર્શન એ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સાથે-સાથે પોષણની થીમ ઉપર રંગોળી સ્પર્ધા, આરતી અને ગરબા સુશોભન, સ્વચ્છતાની થીમ ઉપર વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા સાથે ઈનામ વિતરણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય અતિથિ જીલ્લા વિકાસ અધિકારી, ડી.જે. જાડેજા, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન પરમાર, એ.ડી.એચ.ઓ ભંડેરી, ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર (આર.સી.એચ.ઓ.) ચિરાગ ધુવડ, સી.ડી.પી.ઓ. પૃથ્વીમેડમ તથા પ્રજ્ઞાબેન, અવિનાશ રાવલ(નયારા એનર્જી), મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, આઈ.સી.ડી.એસ. તેમજ આરોગ્ય વિભાગના ડી.પી.સી તથા પ્રોજેક્ટ તુષ્ટિ અને આઈ.સી.ડી.એસ.ના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

જૂનાગઢમાં જીલ્લા કક્ષાનો નેશનલ લેવલ સાયન્સ સેમિનાર યોજાયો

જૂનાગઢ, તા.૫

ગુજકોસ્ટ ગુજરાત સરકાર શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ, જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી જૂનાગઢ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે નેશનલ લેવલ સાયન્સ સેમિનાર ૨૦૨૨નું આયોજન કરવા માં આવ્યું હતું. જેની મુખ્ય થીમ સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ચેલેનજીસ એન્ડ પ્રોસ્પેક્ટ હતી. જેમાં જૂનાગઢ જિલ્લાની ૨૫ ટિમ ના ૬૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ગોધાણી તીર્થ જાવીયા સ્ફુલિંગ સિસ્ટમ જૂનાગઢ તથા દ્વિતીય ક્રમે હિરપરા માનસી શ્રી માધ્યમિક શાળા સુખપુર એમ બે નંબર આપવામાં આવ્યા હતા તથા ટ્રોફી આપવા માં આવી હતી.

આગામી દિવસોમાં તેઓ રાજ્ય કક્ષા માટે અમદાવાદ સાયન્સ સીટી ખાતે યોજાનાર છે. જેમાં આ બાળકો જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે તથા તેઓ આગળ પણ સારો દેખાવ કરી જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરે તેવા પૂજ્ય મુક્તાનંદજીબાપુ તથા ગિજુભાઈ ભરાડ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાએ અખબારી યાદી માં જણાવેલ છે .

જૂનાગઢ જીલ્લામાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૨ અંતર્ગત સ્વચ્છતા કેમ્પેન યોજાયું

જૂનાગઢ,તા.૫

ભારત સરકારના પે જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૫ મી સપ્ટેમ્બર થી તા.૨ ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા કેમ્પેઈનની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાંત પરીખના માર્ગદર્શન તેમજ જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢના નિયામક પી. જી. પટેલના નેતૃત્વમાં જૂનાગઢ જિલ્લાના ગામોમાં સ્વચ્છતાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા રેલી, સ્વચ્છતાલક્ષી ચિત્ર સ્પર્ધા, ગ્રામજનો દ્વારા જાહેર સ્થળોની સફાઈ, સરપંચ શ્રી સાથે યોજના લક્ષી સંવાદ વગેરે પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતાને મહત્વ આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ, ઘરેલું કચરાનું જૈવિકતા અને અજૈવિક કચરા તરીકે વિભાજન, જૈવીક કચરામાંથી ખાતર તૈયાર કરવું, અજૈવિક કચરાનું વૈજ્ઞાનિક ઢબે યોગ્ય નિકાલ, પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન, પ્લાસ્ટિક બેગ નો ઉપયોગ બંધ કરી જ્યુટ અને કાપડની થેલી અપનાવી જેવી બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

જૂનાગઢના મધુરમ વંથલી રોડ ઉપર બિઝનેશ હબ અંતર્ગત ઈશાન પ્લાઝા પ્રોજેક્ટનો આજથી શુભારંભ

આપના વ્યવસાયને નવી ઓળખ સાથે માર્કેટમાં મુકવા અમુલ્ય અવસર, આધુનિક સુવિધાઓ આપના બજેટને અનુકુળ હોય તેવી કિંમતમાં : બુકીંગ પ્રક્રિયા શરૂ છે

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ શહેરના વિકસીત વિસ્તાર ગણાતા મધુરમ -વંથલી રોડ ઉપર એસબીઆઈ બેન્કની બાજુમાં બીઝનેશ હબ અંતર્ગત ઈશાન પ્લાઝાનું આજે દશેરાના શુભ દિવસે પ્રોજેકટ બાંધકામ તેમજ બુકીંગ પ્રક્રિયા શરૂ થઈ રહી છે. આજે તા.૫/૧૦/૨૦૨૨ બુધવારના સાંજે ૫:૩૦ કલાકે શુભારંભ પ્રસંગે કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે શાસ્ત્રી ડો.મહાદેવ પ્રસાદ મહેતા (કાશી-ભાલકા વાળા) ખાસ ઉપસ્થિત રહેશે. ઈશાન પ્લાઝાના નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે અને આધુનિક સુવિધાઓ સાથે આ પ્રોજેકટને પૂર્ણ કરવામાં આવશે જેમાં સ્ટાન્ડર્ડ વિટ્રીફાઈડ ટાઈલ્સ ફલોરીંગ, સ્ટાન્ડર્ડ કલર સાથે રોલીંગશટર્સ, પેસેજમાં ડેકોરેટીવ રેલીંગ, કન્સીલ્ડ આઈ.એસ.આઈ. કોપર વાયરીંગ સાથે મોડયુલર સ્વીચ, સારી ગોઠવણ સાથે કવર્ડ સી.સી.ટી.વી. કેમેરા, દરેકફલોર ઉપર ટોયલેટ, કોમન એરીયા અને લીફટ માટે જનરેટર, અંદરની દિવાલમાં પ્લાસ્ટર સાથે પુટ્ટી ફીનીસ્ડ અનો બહારની દિવાલોમાં એકેલીક બેઈઝડકલર થશે. ઈશાન ગ્રુપ આયોજીત અન્ય રનીંગ પ્રોજેકટમાં ધ ગ્રીન ગાર્ડન સીટી (વાડલા ફાટક), કલ્પ ઉપવન રેસીડેન્સી (ચોબારી રોડ), કલ્પ ઉપવન (શાંતિનગર ઝાંઝરડા રોડ), ચંદન ઈન્ફીનીટી (રાધીકા ટાઉનશીપ વંથલી રોડ) ખાતે ચાલી રહેલ છે. વધુ વિગત માટે આશિષ ઉપાધ્યાય મો.નં.૯૯૦૯૫ ૫૦૦૦૦, રઘુભાઈ બસીયા મો.નં. ૯૭૨૬૧ ૯૦૨૫૩, કાર્તીકભાઈ ઠાકર મો.નં.૯૪૨૯૩ ૨૨૨૨૦નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

‘મન હોય તો માળવે જવાય’ ઉક્તિને ચરિતાર્થ કરતી વંથલી તાલુકાના સાંતલપુર ગામની મેના ખરા

પર્વતા રોહણ ખડક ચડાણ જેવી જોખમી પ્રવૃત્તિઓમાં બી ગ્રેડ સાથે ઉતીર્ણ થઈ સોરઠ પંથકનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ દ્વારા)

વંથલી તા.૫

વંથલી તાલુકાના સાંતલપુર ગામની મેનાબેન ખરા નામની મહિલાએ પર્વતારોહણ અને ખડક ચઢાણ જેવી સાહસિક તાલીમ સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ જૂનાગઢ ખાતે લઈ બી ગ્રેડ સાથે ઉતીર્ણ થઈ આગામી નવેમ્બર મહિનામાં માઉન્ટ આબુ ખાતે યોજાનાર પર્વતારોહણ તાલીમમાં પસંદગી પામતા પરિવાર સહિત સાંતલપુર ગામમાં હરખની હેલી ઉઠી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વંથલી તાલુકાના સાંતલપુર ગામના ૩૫ વર્ષીય સાહસિક અને નિડર મહિલા મેનાબેન પરબતભાઈ ખરાએ તાજેતરમાં જ પંડિતદીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ દ્વારા લેવાયેલ ખડક ચઢાણ બેઝિક કોર્ષની તાલીમ સળતાપૂર્વક પાર કરી બી ગ્રેડ સાથે ઉતીર્ણ થયા છે. આ તાલીમમાં ૭૪ જેટલી યુવતીઓ જોડાઈ હતી. જેમાં સોરઠ પંથકની એકમાત્ર મહિલા મેનાબેન ખરાએ તાલીમ પુર્ણ કરી સફળતા મેળવતા અને આગામી સમયમાં માઉન્ટ આબુ ખાતે યોજાનારી પર્વતારોહણ સ્પર્ધામાં પસંદગી પામતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. સમાજના વરિષ્ઠ અગ્રણીઓ દ્વારા આ સાહસિક મહિલાને સફળતા માટે અભિનંદન પાઠવી આગામી સમયમાં માઉન્ટ આબુ ખાતે યોજાનાર પર્વતારોહણ સ્પર્ધામાં પણ જવલંત સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પોલીસ સ્ટેશન બેયઝડ સપોર્ટ સેન્ટરના કર્મચારી દ્વારા જાગૃતતા કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધનધક સહરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન બેયઝડ સપોર્ટ સેન્ટરના મહિલા કાઉન્સેલર મનીષા રત્નોત્તર અને મયુરી ગોંઢા દ્વારા મહીલા ITI સાંતેશ્વર જૂનાગઢમાં પ્રિન્સિપાલ પી.કે. વાળ અને વિવિધ ટ્રેન્ડમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જેમકે કોપા, ફેશન ડિઝાનિંગ, કટીંગ એન્ડ સુઈંગ ટેકનોલોજીની વિદ્યાર્થીની સાથે જાગૃતતા સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી યોજનાની બુકલેટ વિતરણ કરી તેમને યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, મહિલા સ્વાવલંબન યોજના, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા યોજના, કામના સ્થળે થતી જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩, ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫, ગંગા સ્વરૂપા પુનઃ સ્થાપન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર તથા મફત કાનૂની સેવા સત્તા મંડળ, ૧૦૦ નંબર, સી ટીમ અને ૧૮૧ વિશે માહિતી આપવામાં આવી હતી.

માંગરોળ મહાકાલી માતાજીના પટાંગણમાં પ્રાચીન ગરબીને ૫૦ વર્ષ પુરા થયા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળ ખાતે છેલ્લા ૫૦ વર્ષથી નિયમિત નવરાત્રિ દરમ્યાન મહાકાલી માતાજી મંદિરના પટાંગણમાં પ્રાચીન ગરબીનું સુંદર આયોજન થાયછે. જેમાં હર વર્ષ ૫૦૦ આસપાસ નાના બાળકો, યુવાનોથી લઈ મોટી ઉંમરના સ્ત્રી, પુરૂષ ઢોલ, શરણાઈના સુર ઉપર ગરબા લે છે. આ ગરબી મંડલ દ્વારા કોઈ પણ જાતની ફી ઉઘરાવવામાં આવતી નથી અને માત્ર લોકોના સહયોગથી દશેરાના દિવસે દરેક ખેલૈયાઓ તેમજ વાદ્ય વૃંદને ઈનામ વિતરણ કરવામાં આવે છે તેમ પ્રમુખ કિશનભાઈ પરમારએ જણાવેલ હતું.

ખાદીને લોકલથી ગ્લોબલ બનાવવાની દિશામાં પ્રયાસરત રાજ્ય સરકાર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધી જયંતિ નિમિત્તે અમદાવાદના થલતેજ વિસ્તારમાંથી ખાદીની ખરીદી કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી ‘ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન, ખાદી ફોર ટ્રાન્સફોર્મેશન’ની મુહિમમાં સહભાગી થયા હતા. સત્ય, અહિંસા અને સ્વદેશીના પ્રતીક સમાન ખાદીની ખરીદી કરીને મુખ્યમંત્રીએ ‘લોકલ ફોર વોકલ’ અને ‘આત્મનિર્ભર ભારત’ ના સૂત્રોને સાકાર કરવાની દિશામાં પોતાનું યોગદાન અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ થલતેજ વિસ્તારમાં આવેલી યશ ખાદી એમ્પોરિયમમાંથી પોતાના માટે ખાદીની ખરીદી કરી હતી.

પોતાની મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીએ અંગત રસ દાખવીને ખાદીના વિવિધ વસ્ત્ર પરિધાનો અંગે પૃચ્છા કરીને તેના ફાયદાઓ અને પહેરવેશ અંગેની બાબતો વિષે માહિતી મેળવી હતી. તેમજ પોતાના માટે ખાદીની ખરીદી કરી હતી.

Azadi Ka Amrit Mahotsav

ભારત સરકાર

દરેક માટે સસ્તી અને સુલભ આરોગ્ય સેવાઓની ખાતરી

“શ્રેષ્ઠ સારવાર દરેક માટે સુલભ હોવી જોઈએ, તે આઝાદીના અમૃત કાળમાં સ્વસ્થ ભારત માટે દેશનું વિઝન છે. આજે ભારત જે સ્વાસ્થ્ય નીતિનું પાલન કરી રહ્યું છે તેમાં આપણે સૌના સ્વાસ્થ્યની ચિંતા કરીએ છીએ.”

- નરેન્દ્ર મોદી

દરેક માટે આધુનિક આરોગ્ય સુવિધા

- છેલ્લા આઠ વર્ષમાં એઈમ્સની સંખ્યા ૮ થી વધીને ૨૩, મેડિકલ કોલેજો ૩૮૭ થી વધીને ૬૪૮, મેડિકલ સીટોની સંખ્યા ૮૨ હજારથી વધીને ૧.૫ લાખથી વધુ થઈ
- નેશનલ મેડિકલ કમિશનની રચના સાથે તબીબી ક્ષેત્રે મુખ્ય સુધારા
- ગામડાઓ અને નગરોમાં લાખો આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો ખોલવાથી, દરેક નાગરીકને આરોગ્ય સુવિધાઓ સરળતાથી મળી

દરેક માટે સુલભ સારવાર અને સસ્તી દવા

- આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના થી ૫૦ કરોડથી વધુ ગરીબો માટે વાર્ષિક રૂા. ૫ લાખ સુધીની કુટુંબ દીઠ મફત સારવાર
- ૮,૭૦૦ થી વધુ જન ઔષધિ કેન્દ્રો પર લોકોને મળી રહી છે પોસાય તેવા દરે સારી દવાઓ; છેલ્લા કેટલાક વર્ષોમાં જરૂરિયાતમંદોની ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધુની બચત થઈ

નિવારક અને સર્વગ્રાહી આરોગ્ય સંભાળ પર ભાર

- પરંપરાગત દવા અને યોગ સાથે તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન; આ ક્ષેત્રમાં સંશોધન અને નવીનતામાં વ્યાપક રોકાણ
- ઘરમાં નળથી પાણી, ગેસ, શૌચાલય અને સ્વચ્છતાને કારણે રોગોનું જોખમ ઘટી રહ્યું છે; લાખો લોકોનાં જીવન બચ્યા

દેવભૂમિ હિમાચલને વિશ્વ કક્ષાની આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર ભેટ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા AIIMS બિલાસપુરનું રાષ્ટ્રને સમર્પિત

બિલાસપુર, હિમાચલ પ્રદેશ, ૫ ઓકટોબર, ૨૦૨૨ સવારે ૧૧:૩૦ કલાકથી

CBC 22201/B/0127/2223

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

નારીવાદીઓની ખોખલી સ્ત્રી સમાનતા

ઈરાનમાં હિજાબ વિરોધી પ્રદર્શન એટલી ઝડપથી વધી રહ્યું છે કે ત્યાં તખ્તા પલટની આશંકા વધી ગઈ છે. આ બધું કથિત રીતે નૈતિકતા થોપનારી ઈરાની પોલીસની અટકાયતમાં મહાશા અમીનીના મોત બાદ થયું. જ્યાં હિજાબ વિરોધી આ અભિયાનને કેટલાય દેશોમાં સમર્થન મળી રહ્યું છે, જ્યારે ભારતનો કથિત બુધ્ધિજીવી અને સ્ત્રી સમાનતાનો ઝંડાબરદાર વર્ગ મોંમાં મગ ભરીને બેઠો છે. કારણ કે તે સારી રીતે જાણે છે કે, હિજાબ વિરોધમાં આપવામાં આવેલું સમર્થન તેમને હિંદુવાદી ગણાવી દેશે, જે એક મોટા વર્ગ માટે અપશબ્દ સમાન છે. એનાથી પણ વધુ તેમના રાજકીય સમીકરણો, તુષ્ટીકરણ અને અન્ય સ્વાર્થોનો પણ સવાલ છે. આવા લોકો કરવા સુધારાને પછાતપણું જાહેર કરવા કુતર્કોનો અંબાર લગાવી દે છે અને એ સાબિત કરવા મથે છે કે, વિશ્વમાં જો કોઈ સંસ્કૃતિ સ્ત્રી સમાનતાની વિરોધી હોય તો તે ભારતીય સંસ્કૃતિ જ છે ! અધકચરી માહિતી એકત્ર કરવી, ધર્મગ્રંથોમાં ઉલ્લેખિત શ્લોકોની મનમાફક વ્યાખ્યા કરવી અને પોતાના સ્વાર્થને અનુરૂપ પરિવર્તિત કરીને તેને આમજન સુધી પહોંચાડવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે, પરંતુ એવું કેમ કરવામાં આવ્યું એના ઉપર ક્યાંય કોઈ ગંભીર ચર્ચા નથી કરવામાં આવી. ગૌરવશાળી ઈતિહાસ મનુષ્યની અંદર આત્મબળને સુદ્રઢ કરે છે. આ જ આત્મબળ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસના સુદ્રઢ માર્ગ પ્રશસ્ત કરે છે. જો કોઈ દેશના વિકાસને અવરોધવો હોય તો સૌ પહેલાં ત્યાંના નાગરિકોના આત્મબળને ખંડિત કરવું પડશે. આ જ ભારત સાથે પણ કરવામાં આવ્યું. વર્ણ વ્યવસ્થાના દાર્કિક આધાર ક્યારેય જાતિ વ્યવસ્થાની કઠોર અને સંકીર્ણ જાળમાં પરિવર્તિત થઈ ગયા, તે આજે પણ ગંભીર શોધનો વિષય છે. એનાથી પણ વધુ વિચારણીય એ છે કે જ્યાં મા દુર્ગા શક્તિ સ્વરૂપા રૂપે પૂજાય છે, એ સંસ્કૃતિમાં કેવી રીતે કોઈ સ્ત્રી બીજા દરજ્જાનું સ્થાન કેવી રીતે ધરાવી શકે ? એ સંસ્કૃતિ કેવી રીતે સ્ત્રી સમાનતાની વિરોધી હોઈ શકે ? શુંખરેખર ભારતીય વૈદિક સંસ્કૃતિ સ્ત્રી વિરોધી છે ? આ પ્રશ્નના જવાબમાં અનેક ઉદાહરણો રજૂ કરીને એ સાબિત કરવા તત્પર વિમર્શ તરત દેખાશે, કારણ કે બહુ સુનિયોજિત રીતે વિશ્વના પ્રાચીનતમ ગ્રંથ વેદોને વિસ્મૃત કરવા અને કરાવવાના પ્રયાસ તેમના દ્વારા થતા આવ્યા છે અને હજુ પણ ચાલુ છે. વિશ્વભરમાં વ્યાપ્ત ધર્મ-મત-પંથ પોતાના અનુયાયીઓને જીવન જીવવાનો માર્ગ દેખાડે છે. ધર્મ વિશેષને સ્વીકાર કરનારાઓ પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ધાર્મિક ગ્રંથોનું કોઈ તર્ક વિના અનુસરણ કરે. વૈદિક સંસ્કૃતિ તેમાં અપવાદ છે, જ્યાં પ્રશ્ન પૂછવા અને તેના નિરાકરણના માર્ગ હંમેશાં ખુલ્લા રહ્યા છે. જો ધરાતલ ઉપર વિદ્યમાન તમામ ધર્મગ્રંથોનું કોઈ પૂર્વગ્રહ વિના તાર્કિક વિશ્લેષણ કરવામાં આવે તો સમજાશે કે વેદોએ સ્ત્રીઓને જે સ્થાન આપ્યું, તે બીજે ક્યાંય જોવા નથી મળતું. તેમનો દાયરો મા, પુત્રી અને પત્ની સુધી જ સીમિત ન કરવામાં આવ્યો, પરંતુ તેને પુરૂષોની જેમ સેનાની, સભાપતિ અને અર્થપ્રદાતા માનવામાં આવ્યા. યજુર્વેદના અધ્યાય ૧૭ના મંત્ર ૪૫માં ઉલ્લેખ છે કે, સભાપતિએ, જેમ યુધ્ધ વિદ્યામાં પુરૂષોને શિક્ષિત કરવામાં આવે છે, તેવી જ રીતે સ્ત્રીઓને પણ શિક્ષિત કરવી. જેમ વીર પુરૂષ યુધ્ધ કરે, એવી જ રીતે સ્ત્રીઓ પણ યુધ્ધ કરે. આ જ વેદના અધ્યાય ૧૦ના મંત્ર ૨૮માં ઉલ્લેખ છે કે, જેમ પુરૂષ તમામ દિશાઓમાં કીર્તિયુકત વેદોને જાણવા, ધનુર્વેદ અને અથર્વવેદની વિદ્યામાં પ્રવીણ હોય, તો તેની જેમ સ્ત્રીઓ પણ હોય. સ્ત્રી શિક્ષણનું સમર્થન, પુરૂષોના બહુવિવાહને અયોગ્ય ગણાવનાર વેદ સ્ત્રી વૈધવ્યના આકરા ટીકાકાર હતા. ઋગ્વેદ અને અથર્વવેદમાં વિધવા સ્ત્રીને શોક કરવાને બદલે પૂર્નઃવિવાહના આદેશ છે. પછી ભારતમાં વિધવા વિવાહ કેવી રીતે વર્જિત થઈ ગયા ? કેવી રીતે બાળવિવાહે મૂળિયાં નાખ્યાં ? જે સતીપ્રથાનો ઉલ્લેખ કરતાં ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં નિમ્ન અને હીન સાબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો તે તો ક્યારેય વેદોમાં ઉલ્લેખિત જ ન હતું. એક તથ્ય સ્પષ્ટ છે કે, પરિસ્થિતિજન્ય પરિવર્તનો વચ્ચે જ્યારે પણ કોઈ એક પક્ષ થોડી ક્ષણો માટે અસક્ષમ હોય છે, તો સશક્ત પક્ષ તેને ઊભા થવાનો અવસર નથી આપતો, કારણ કે સ્ત્રી દેહને દેશકાળની સીમાથી ઉપર સંવેદનશીલ માનવામાં આવ્યો છે. તેથી તેના સંરક્ષણની આડમાં ધીમે-ધીમે તેની સ્વતંત્રતા વિરૂધ્ધ નવીન અધ્યાયો રચાવા લાગ્યા, જે નિતાંત સ્વાર્થ જનિત હતા. તેનાથી પણ દુઃખદ સ્થિતિ ત્યારે પેદા થઈ જ્યારે વિદેશી આક્રમણખોરોએ ધર્મગ્રંથો સાથે છેડછાડ કરીને તેમાં અસમાનતાનાં બીજ વાવ્યાં, સાથે જ સ્ત્રીશોષણને પણ ન્યાયોચિત ઠેરવ્યું. નહિ તો ભારતીય સભ્યતાની નિર્માણ ભૂમિ જે વેદ છે, તેમાં સ્ત્રીને યજ્ઞીય માનવામાં આવી અર્થાત યજ્ઞ સમાન પૂજનીય. એક પ્રશ્ન એ પણ ઊઠે છે કે, ચાહે કોઈપણ મત-પંથ હોય, કેવી રીતે સ્ત્રી ખુદ એ માર્ગો ઉપર ચાલવાની સહર્ષ અનુમતિ આપે છે, જે કોઈપણ માનવ માટે સહજ નથી. સ્ત્રીઓને સદીઓથી એમ કહેવા છે કે, ધર્મગુરૂઓના બતાવેલા માર્ગને જો કોઈ તર્ક વિના સ્વીકાર કરી લેશે તો જ તેને આદર પ્રાપ્ત થશે. આદરણીય હોવાનો ભાવ સંમોહનની એ ભ્રમજાળ વણે છે કે, સ્ત્રી ખુદ તેમાંથી બહાર આવવા નથી માંગતી. જો એવું ન હોય તો શું કોઈ સ્ત્રી બહુપત્ની વિવાહને યોગ્ય ઠેરવી શકે કે પછી પોતાના શિક્ષણ અને સ્વતંત્રતાને તિલાંજલી આપવા પણ તત્પર હોઈ શકે ? ધર્મ ઘરમાં જ રહેવો જોઈએ ધર્મએ પ્રદર્શનની વસ્તુ નથી. ધર્મમાં સર્વ ધર્મ સંમભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેની અમલવારી શું ભારતમાં થાય છે ખરી ? સ્ત્રીને શકિતરૂપે જોવી જોઈએ તો જ આદર્શ ભારત બનશે.

5G કનેક્ટેડ એમ્બ્યુલન્સ દર્દીના આગમન પહેલા જ હોસ્પિટલને દર્દી વિષેની મહત્વની માહિતી પહોંચાડી દેશે

(પ્રતિનિધિ દ્વારા)

નવી દિલ્હી તા.૫

રિલાયન્સ જિયોએ ઈન્ડિયન મોબાઈલ કોંગ્રેસમાં **5G** કનેક્ટેડ એમ્બ્યુલન્સ રજૂ કરી છે. આ એક એવી એમ્બ્યુલન્સ છે જે ડિજિટલ રીતે દર્દીની તમામ મહત્વપૂર્ણ માહિતીને વાસ્તવિક સમયમાં હોસ્પિટલ સુધી પહોંચાડશે અને તે પણ દર્દીના આગમન પહેલા. તબીબી કટોકટીના કિસ્સામાં, હોસ્પિટલમાં હાજર ડોકટરો દર્દીના આગમન પહેલા જ તમામ જરૂરી વ્યવસ્થા કરી શકે છે. આ એમ્બ્યુલન્સ જોઈને ભવિષ્યમાં મેડિકલ ઈન્ડસ્ટ્રીનો ચહેરો કેટલો બદલાઈ જશે તેનો અંદાજ તમે લગાવી શકો છો. જિયોના પેવેલિયનમાં એક રોબોટિક આર્મ પણ જોવા મળશે, જે એક્સ-રે અને અલ્ટ્રાસાઉન્ડ કરવામાં નિષ્ણાંત છે. ખરેખર, **Jio True 5G** દ્વારા સેંકડો માઈલ દૂર બેઠેલા રેડિયોલોજિસ્ટ અથવા સોનોગ્રાફર તેને સરળતાથી ચલાવી શકે છે. આ રોબોટિક આર્મ શહેરમાં બેઠેલા રેડિયોલોજિસ્ટને ગ્રામીણ દર્દીઓ સાથે સીધા જોડી દેશે. હવે ગ્રામજનોએ એક્સ-રે અને અલ્ટ્રાસાઉન્ડ જેવી પ્રાથમિક તબીબી જરૂરિયાતો માટે શહેરમાં કે શહેરની આસપાસ ભટકવું નહીં પડે અને રિપોર્ટ પણ ઘરે બેઠા મળી શકશે. રિલાયન્સ દિવાળી ઉપર **5G** સેવા શરૂ કરી રહ્યું છે. તેના ટ્રૂ **5G** નેટવર્કની હાઈ સ્પીડ અને ઓછી લેટન્સીના કારણે રિલાયન્સ જિયો રોજિંદા જીવન માટે સંખ્યાબંધ ટેકનોલોજીકલ સોલ્યુશન્સ ઉપર પણ કામ કરી રહ્યું છે. આમાંની એક ટેકનોલોજી છે **Jio 5G** હેલ્થકેર ઓટોમેશન. કોવિડ મહામારી દરમ્યાન હોસ્પિટલોના આઈસોલેશન વોર્ડમાં ઘણા ફ્રન્ટલાઈન કર્મચારીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. રિલાયન્સ જિયો આવા **5G** નિયંત્રિત રોબોટ્સની ટેકનોલોજી ઉપર કામ કરી રહ્યું છે જે આઈસોલેશન વોર્ડ તેમજ અન્ય દર્દીઓને દવાઓ અને ભોજન પહોંચાડવામાં સક્ષમ હશે. કલાઉડ આધારિત **5G** નિયંત્રિત રોબોટ્સના ઉપયોગને કારણે ભૂલની શકયતા નહિવત્ હશે. તેમની જાળવણી અને સેનિટાઈઝેશન પણ રોબોટિકફ્લીટ મેનેજમેન્ટ સિસ્ટમ સાથે માણસો કરતાં વધુ સરળ બનશે અને સૌથી અગત્યનું, હજારો ફ્રન્ટલાઈન કર્મચારીઓ અને દર્દીઓના જીવન બચાવી શકાશે.

પોકળ વાયદાઓ ઉપર કડક બન્યું ચૂંટણી પંચ,

‘રેવડી કલ્ચર’ ઉપર રાજકીય પક્ષોને આપી ચેતવણી

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૫

ચૂંટણી પંચે કહ્યું છે કે, આચાર સંહિતા માર્ગદર્શિકા ૨૦૧૫ માટે રાજકીય પક્ષોને ચૂંટણી વચનોના ભંડોળના સંભવિત માર્ગો અને માધ્યમો માટે તર્ક સમજાવવાની જરૂર છે. પંચે શોધી કાઢ્યું કે જાહેરાતો ખૂબ જ અનિયમિત, અસ્પષ્ટ છે અને મતદારોને ચૂંટણીમાં માહિતગાર પસંદગીનો ઉપયોગ કરવા માટે પૂરતી માહિતી પૂરી પાડતી નથી. ચૂંટણી પંચે મંગળવારે તમામ રાજકીય પક્ષોને પત્ર લખ્યો છે. આ પત્રમાં **ECI**એ રાજકીય પક્ષોને તેમના મતદારોને ખોટા વચનો ન આપવા ચેતવણી આપી છે. ચૂંટણે પંચે કહ્યું છે કે, રાજકીય પક્ષો જે પણ વચનો આપી રહ્યા છે, તેમણે અધિકૃત માહિતી પ્રદાન કરવી જોઈએ. પંચે કહ્યું છે કે, આચાર સંહિતા માર્ગદર્શિકા ૨૦૧૫ માટે રાજકીય પક્ષોને ચૂંટણી વચનોના ભંડોળના સંભવિત માર્ગો અને માધ્યમો માટે તર્ક સમજાવવાની જરૂર છે. પંચે શોધી કાઢ્યું કે, જાહેરાતો ખૂબ જ અનિયમિત, અસ્પષ્ટ છે અને મતદારોને ચૂંટણીમાં માહિતગાર પસંદગીનો ઉપયોગ કરવા માટે પૂરતી માહિતી પૂરી પાડતી નથી. ચૂંટણી પંચ કહે છે કે, ચૂંટણી વચનો ઉપર અપૂરતી જાહેરાત

અને પરિણામે નાણાંકીય સ્થિરતા ઉપર અનિચ્છનીય અસરને અવગણી શકાય નહીં, કારણ કે ચૂંટણી વચનોની દૂરગામી અસરો હોય છે. કમિશને ફાઈનાન્સ કમિશન, અ ા ર બ ી અ ા ઈ , એફઆરબીએમ, સીએજી અને બજેટમાં ઉપયોગમાં લેવાતા પ્રમાણભૂત પરિમાણોને વ્યાપકપણે કેપ્ચર કરવા માટે એક મિનિટનો ડિસ્કલોઝર પ્રોફોર્મા નિર્ધારિત કર્યો છે. કમિશન મુજબ, ભૌતિક કવરેજની માત્રા, વચનની નાણાકીય અસરો અને નાણાકીય સંસાધનોની ઉપલબ્ધતા જાહેર કરવા માટે ડિસ્કલોઝર પ્રોફોર્મા ફરજિયાત છે. **ECI**નો ઉદ્દેશ્ય મતદારોને ચૂંટણીના ઘોષણાપત્રમાં આપેલા વચનોની નાણાંકીય સદ્ધરતા વિષે સૂચિત કરવાનો છે અને રાજ્ય/યુનિયન નાણાંકીય રીતે પોષાય છે કે કેમ તે અંગે માહિતી આપવાનો છે. માનકીકરણ અને તુલનાત્મકતાની સુવિધા આપતા આ રાજકોષીય ધારાધોરણો સામે રિપોર્ટ કરવાના પક્ષકારોએ પ્રોફોર્મામાં મહેસૂલ જનરેશનની રીતો(વધારાના કર દ્વારા, જો કોઈ હોય તો)ની વિગતો માંગી છે. ખર્ચનું તર્કસંગતકરણ(જો જરૂરી હોય તો અમુક યોજનાઓમાં ઘટાડો), પ્રતિબદ્ધ જવાબદારીઓ અને/અથવા કેરી ફોરવર્ડ દેવું અને **FRBM** મર્યાદા ઉપર અસર. પ્રોફોર્મા આદર્શ આચાર સંહિતાના ભાગ **VIII**(ચૂંટણી ઢંઢેરાની માર્ગદર્શિકા)ના પેટા ફકરા ૩ **(iii)**માં હશે. ચૂંટણી પંચને લાગે છે કે, રાજકીય પક્ષો દ્વારા અપાતા પોકળ ચૂંટણી વચનોની દૂરગામી અસરો છે. ચૂંટણી પંચનું કહેવું છે કે, ચૂંટણી વચનો ઉપર અપૂરતી જાહેરાતો અને પરિણામે નાણાંકીય સ્થિરતા ઉપર પડતી અનિચ્છનીય અસરને અવગણી શકાય નહીં. ચૂંટણી પંચે રાજકીય પક્ષોને તેમના ચૂંટણી વચનોની નાણાંકીય સદ્ધરતાનું મૂલ્યાંકન કરવા માટે મતદારોને અધિકૃત માહિતી પ્રદાન કરવા માટે પત્ર લખ્યો છે.

‘રાજકારણમાં જે દેખાય છે તે નથી હોતું’ અશોક ગેહલોતનું આ નિવેદન શું ઈશારો કરી રહ્યું છે ?

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૫

અશોક ગેહલોતે હાઈકમાન્ડ તરફથી રાજકીય ઘટનાક્રમ પછી માફી ઉપર ઈશારામાં એક મહત્વપૂર્ણ વાત કહી. ગેહલોતે કહ્યું કે, રાજનીતિનો એક સિદ્ધાંત છે, અહીં જે થાય છે તે દેખાતું નથી અને જે દેખાય છે તે હંમેશા થતું નથી. ‘રાજકારણમાં જે દેખાય છે તે નથી હોતું’ અશોક ગેહલોતનું આ નિવેદન શું ઈશારો કરી રહ્યું છે ? રાજધાની જયપુરમાં તા.૭ અને ૮ ઓકટોબરે યોજાનારી ઈન્વેસ્ટર્સ સમિટ માટે સરકારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સોમવારે અશોક ગેહલોતે મુખ્યમંત્રી આવાસ ઉપર મીડિયા સાથે સમિટની માહિતી શેર કરી હતી. અશોક ગેહલોતે હાઈકમાન્ડ તરફથી રાજકીય ઘટનાક્રમ પછી માફી ઉપર ઈશારામાં એક મહત્વપૂર્ણ વાત કહી. અશોક ગેહલોતે કહ્યું કે, રાજનીતિનો એક સિદ્ધાંત છે, અહીં જે થાય છે તે દેખાતું નથી અને જે દેખાય છે તે હંમેશા થતું નથી. આ ઉપરાંત ગેહલોતે ઈન્વેસ્ટર્સ સમિટ વિષે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં પણ તેમણે વાઈબ્રન્ટ ગુજરાત જેવા ઘણા રાજ્યોની ઈન્વેસ્ટમેન્ટ સમિટ જોઈ છે જ્યાં લાખો કરોડના કોન્ટ્રાકટ કરવામાં આવે છે પરંતુ જમીન ઉપર માત્ર અમુક ટકા જ છે. સીએમએ કહ્યું કે, અમારી સરકારનો ઉદ્દેશ સમિટ પહેલા ઘોષણાઓને જમીન ઉપર લાવવાનો છે. આ સાથેજ ગેહલોતે રાજસ્થાન રત્ન એવોર્ડની પણ જાહેરાત કરી હતી જે ૬ લોકોને આપવામાં આવશે. સરકાર આ એવોર્ડ જસ્ટિસ દલવીર ભંડારી, જસ્ટિસ લોઢા, એનએમ મિત્તલ, હિન્દુસ્તાન ઝિંકના અનિલ અગ્રવાલ, જોધપુરના શાયર શીન કાફ નિઝામ, કેસી માલોને આપવા જઈ રહી છે.

માફી માંગ્યા બાદ ગેહલોત આત્મવિશ્વાસથી ભરેલા દેખાયા

અશોક ગેહલોતે રાજસ્થાનમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ થયેલા ઘટનાક્રમનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ તેમણે કહ્યું હતું કે, રાજકારણમાં જે દેખાય છે તે હંમેશા થતું નથી. ગેહલોતે તાજેતરમાં સોનિયા ગાંધીની માંફી માંગ્યા બાદ તેમના નિવેદનને લઈને રાજકીય ગલિયારામાં ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. બીજી તરફ રવિવારે પણ ગેહલોતે ધારાસભ્યોની બેઠકનો બહિષ્કાર કરવાના કારણો જાણવાની વાત કરી હતી. આ ઉપરાંત નામ લીધા વગર નિરીક્ષકોને પણ ગેહલોતને ઘેરી લીધા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, કોંગ્રેસ હાઈકમાન્ડ હાલ રાજસ્થાનમાં નેતૃત્વ બદલવાનું નથી. બીજી તરફ પાયલટ કેમ્પ ઘણા સમયથી મૌન છે અને સચિન પાયલટે પોતે મીડિયાથી અંતર બનાવી રાખ્યું છે. જાણકારોનું કહેવું છે કે, રાજસ્થાનમાં એક વખત રાજકીય તોફાન થંભી ગયું છે.

રાજસ્થાનની સેવા કરતા રહીશું : અશોક ગેહલોત

બીજી તરફ રાજસ્થાનના સીએમ વિષે પૂછવામાં આવેલા સવાલ ઉપર અશોક ગેહલોતે કહ્યું કે, રાજકારણમાં ગુણાકાર-ભાગાકાર થતા રહે છે, ક્યારેક સત્ય લોકો સુધી પહોંચતું નથી. ગેહલોતે કહ્યું કે, હું જ્યાં પણ રહું છું, ત્યાંથી હું મારી માતૃભૂમિ રાજસ્થાનની સેવા કરતો રહીશ. ગેહલોત અગાઉ પણ ઘણી વખત રાજસ્થાન બહાર ન જવાનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. નવીનતમ ઘટનાક્રમ પછી, ગેહલોતે સોનિયા ગાંધીની માફી માંગી હતી અને અધ્યક્ષની ચૂંટણી ન લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જે પછી તેઓ દિલ્હી જવાની રેસમાંથી બહાર થઈ ગયા હતા.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કલ્યાણ કરનારા કોઈપણ મનુષ્યને દુર્ગતિ મળતી નથી.

-શ્રીમદ્ ભાગવત ગીતા

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા.શાકે. ૧૯૪૪, પા.અર્દીબહેસ્ત-૧૩૯૨, મુ.રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, આસો સુદ-૧૦ સરસ્વતિ વિસર્જન, દશેરા, વિજયા દશમી (વિજય મુહુર્ત બપોરે ૨:૨૬ ક. થી ૩:૧૩ સુધી આયુધ પૂજા), માધવાચાર્ય જયંતિ તા.૫ ઓકટોબર ૨૦૨૨, બુધવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૮, શ્રવણ નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૬:૩૪

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.

વૃષભ: ગૃહસ્થજીવનમાં મતાભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.

મિથુન: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ ઉપર કાબુ રાખવો.

કર્ક : મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.

સિંહ: હાથમાં આવેલી તક સરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.

કન્યા : મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.

તુલા : આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.

વૃશ્ચિક : આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.

ધન : આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું પડે.

મકર : યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.

કુંભ : વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.

મીન : પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.

આજે ૫ ઓકટોબર : આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ

કોઈ પણ સમાજ અથવા દેશનું સારૂ ભવિષ્ય બનાવવાની જવાબદારી તે દેશના શિક્ષકોની છે. તેઓ જે તે દેશના નાગરિકોને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. આ સાથે તેઓ એ પણ જણાવે છે કે, કેવી રીતે સાચા-ખોટાની પરીક્ષા કરવી. આ રીતે, વ્યક્તિના પ્રથમ ગુરૂને તેની માતા કહેવામાં આવે છે, જ્યારે શિક્ષક તેને સાંસારિક અનુભૂતિ મેળવવા માટે એટલે કે જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપે છે.

આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસની શરૂઆત

શિક્ષા દ્વારા નવી પેઢીમાં જ્ઞાનનો દિપક પ્રગટાવનાર શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે. તો ચાલો આજે આ ખાસ દિવસે જાણીએ તેની સાથે જોડાયેલ રસપ્રદ વાતો. સૌ પ્રથમવાર ૧૯૬૬માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની એક બેઠક થઈ હતી, જેમાં શિક્ષકોના અધિકારો, જવાબદારીઓ, રોજગાર અને આગળના શિક્ષણની સાથે ગાઈડલાઈન બનાવાની વાત કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વ શિક્ષક દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે મનાવવા વર્ષ ૧૯૯૪માં ૧૦ દેશોના સમર્થન સાથે યુનેસ્કોના પ્રસ્તાવને પસાર કરવામાં આવ્યો. ત્યાર બાદ ૫ ઓકટોબર, ૧૯૯૪થી આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ મનાવવામાં આવ્યો. જોકે, વિવિધ દેશોમાં અલગ-અલગ તારીખે પણ શિક્ષક દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ વિશ્વના ૧૦૦ દેશોમાં મનાવવામાં આવે છે. ભારતમાં શિક્ષકથી છેક રાષ્ટ્રપતિના પદ સુધી પહોંચનારા આદર્શ રાજપુરૂષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને શિક્ષક દિન તરીકે ઉજવાય છે. યૂનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગિકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસનું મહત્વ

આ દિવસ મનાવવા માટે એક ખાસ ઉદ્દેશ્ય છે કે, શિક્ષકોના મહત્વ અને તેના યોગદાનને સન્માન આપવામાં આવે. તે સંપૂર્ણ રીતે સમગ્ર વિશ્વના શિક્ષકોને સમર્પિત છે. આ દિવસનું મહત્વ સમગ્ર દુનિયામાં છે, શિક્ષક છે તો કાલ છે અને કાલ છે તો રાષ્ટ્ર છે, રાષ્ટ્ર છે તો દુનિયા છે. આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસનો ઉદ્દેશ્ય દુનિયાભરના શિક્ષકોની સરાહના કરવાનો, મૂલ્યાંકન અને સુધાર ઉપર લોકોનું ધ્યાન કેન્દ્રીત કરવાનો છે. વિશ્વમાં શિક્ષકોની જવાબદારી, તેમના અધિકારો અને આગળના ભણતર માટે તેમની તૈયારીને મહત્વ આપવામાં આવે છે.

શિક્ષક દિવસનું મહત્વ

કોઈપણ દેશનું ઉજ્જ્વળ ભવિષ્ય તે દેશના શિક્ષકો ઉપર નિર્ભર છે. તેઓ યુવાનોને સાચી દિશામાં આગળ વધે અને સાચો રસ્તો બતાવે તે માટે કામ કરે છે. તેઓ દેશના નેતાઓ, ડોક્ટરો, એન્જિનિયરો, ખેડૂતો, શિક્ષકો, ઉદ્યોગપતિઓનો પાયો તેમની છત્રછાયામાં નાખે છે અને દેશના ભાગ્યને યોગ્ય આકાર આપે છે. આ ઉપરાંત સમાજમાં નૈતિક અને આદર્શ નાગરિકોના નિર્માણમાં પણ તેમનો અભિન્ન ફાળો છે. આટલી મોટી ભૂમિકા ભજવનાર શિક્ષકોના સન્માન માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

વિશ્વ શિક્ષક દિવસ ૨૦૨૨ની થીમ

વિશ્વ શિક્ષક દિવસ ૨૦૨૨ની થીમ છે "**Transformation of education starts with teachers**" એટલે કે "શિક્ષણનું પરિવર્તન શિક્ષકોથી શરૂ થાય છે". આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ યૂનિસેફ, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અને આંતરરાષ્ટ્રીય શિક્ષાની સાથે ભાગીદારીમાં મનાવવામાં આવે છે. આજે, વિશ્વ શિક્ષક દિવસ ઉપર સમાજને શીખનારાઓની સંભવિતતામાં પરિવર્તન લાવવામાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકાની ઉજવણી કરવામાં આવે છે.

લેખન : ડો. સચિન જે પીઠડીયા

શિક્ષણ વિભાગની અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખાદી ખરીદવા સુચના

● વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડી સ્વૈચ્છિક રીતે ખાદી ખરીદવા માટે અપીલ કરવામાં આવી ● વિભાગના તમામ અધિકારી-કર્મચારીઓ તેમજ સ્કૂલોના શિક્ષકો-કર્મચારીઓને ૧૫ ઓક્ટોબર સુધી ખાદી ખરીદવા માટે જણાવાયું

અમદાવાદ, તા.૫

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ શૈક્ષણિક કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તમામ સ્કૂલોના શિક્ષકો અને વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક રીતે ખાદી ખરીદવા માટે સુચના આપી છે. આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડી અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સામુહીક રીતે ખાદી ખરીદવા માટે અપીલ પણ કરી હોવાનું જાણવા મળે છે. ૧૫ ઓક્ટોબર સુધીમાં ખાદી ખરીદવા માટે પરિપત્રમાં જણાવાયું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ખાદી ખરીદવા માટે અપીલ કરવામાં આવી છે. અગાઉ વિભાગ દ્વારા ખાદી ખરીદી તેના બિલ મંગાવ્યા હોવાને લઈનેવિવાદ થયો હતો. જોકે, ત્યારબાદથી શિક્ષણ વિભાગ દ્વારા આ કાર્યક્રમ સ્વૈચ્છિક કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. ગતવર્ષે પણ સ્વૈચ્છિક રીતે ખાદી ખરી માટે અપીલ કરાયા બાદ ચાલુ વર્ષે પણ શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે પરિપત્ર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. 'ખાદી ફોર નેશનલ ખાદી ફોર ફેશન'ના મંત્રને ચરિતાર્થ કરવા તથા આ કાર્યક્રમથી રાજ્યના વણાટકામ ક્ષેત્રે કાર્યરત લોકોને રોજગારી મળી રહે તેમજ લોકો ખાદી પ્રત્યે પ્રોત્સાહિત થાય તેવા હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ગતવર્ષે સ્વૈચ્છિક ખાદી ખરીદવા માટેનું અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને રાજ્યમાં ખુબ જ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. જેને ધ્યાને રાખીને શિક્ષણ વિભાગ દ્વારા આ વર્ષે પણ સ્વૈચ્છિક ખાદીની ખરીદી કરવા માટે શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા લોકોને સુચના આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી, કર્મચારીઓ તથા વિભાગ હેઠળની તમામ ક્ષેત્રિય કચેરીઓના અધિકારીઓ કર્મચારીઓ અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ સાથે સંકળાયેલા અને કાર્યરત તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા હોદ્દેદારો, આચાર્યો, પ્રધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓનેવ્યક્તિગત અથવા સામુહિક રીતે સ્વૈચ્છાએ આ અભિયાનમાં સહભાગી બનવા માટે અપીલ કરવામાં આવી છે. જેમાં ૨ ઓકટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી ખાદીની ખરીદી કરવા માટે પ્રેરિત કરવા માટે પણ જણાવાયું છે.

દેશમાં આવશ્યક ખાદ્ય ચીજ વસ્તુઓના ભાવમાં તીવ્ર વધારો

મુંબઈ તા.૫

દેશમાં છેલ્લા એક વર્ષમાં ચોખા, ઘઉં અને આટા સહિત આવશ્યક ખાદ્ય ચીજોના સરેરાશ છૂટક ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા કેટલાક મહિનામાં ઘઉં અને આટાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે અને રાષ્ટ્રીય રાજધાનીના જથ્થાબંધ બજારોના વેપારીઓના જણાવ્યા મુજબ, ઓછો પુરવઠો અને વધુ માંગને કારણે ઘઉંના ભાવમાં ક્વિન્ટલ દીઠ ૨,૫૬૦ રૂપિયાનો રેકોર્ડ વધારો થયો છે. દિલ્હીના વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષની શરૂઆતમાં ગરમીના મોજાને કારણે ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો અને કૃષિ પેદાશોના સ્થાનિક પુરવઠાને અસર થઈ હતી. દિલ્હી લોરેન્સ રોડ મંડીના જય પ્રકાશ જિંદાલે જણાવ્યું હતું કે કિંમતો હજુ પણ વધુ વધવાની શકયતા છે. હાલમાં, ઘઉંના ભાવ રૂા. ૨,૫૬૦ પ્રતિ ક્વિન્ટલ છે. આ તહેવારોની સિઝનમાં આગામી દિવસોમાં તે વધુ વધીને રૂા. ૨,૬૦૦ ના સ્તરે પહોંચે તેવી શક્યતા છે. ૧૪ મેના રોજ ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો ત્યારથી મંડીમાં ભાવ રૂા. ૨,૧૫૦-૨,૧૭૫/ક્વિન્ટલની આસપાસ હતા. જિંદાલે કહ્યું હતું કે આ વર્ષે ઉત્પાદન ઓછું હતું અને સરકારે યોગ્ય સમયે નિકાસ બંધ કરી ન હતી. સરકારે પ્રતિબંધ મૂક્યો ત્યાં સુધીમાં મોટાભાગના ઘઉંની નિકાસ થઈ ચૂકી હતી. આ પ્રતિબંધ વહેલો મૂકવાની જરૂર હતી. સરકારી ડેટા મુજબ ચોખા, ઘઉં અને આટાના સરેરાશ છૂટક ભાવમાં પણ સમાન વલણ જોવા મળ્યું હતું. કન્ઝ્યુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના ડેટા મુજબ, આટાની સરેરાશ છૂટક કિંમત ૩૬.૧૩ રૂપિયા પ્રતિ કિલો હતી. એ જ રીતે, ચોખાની સરેરાશ છૂટક કિંમત ૩૮.૨ રૂપિયા પ્રતિ કિલો અને ઘઉંની કિંમત ૩૧ રૂપિયા હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે ઘઉંના ભાવમાં લગભગ ૧૪-૧૫ ટકાનો વધારો થયો છે, જ્યારે આટાના ભાવમાં લગભગ ૧૮-૧૯ટકાનો વધારો થયો છે. એ જ રીતે, દિલ્હીના છૂટક બજારોમાં પણ છૂટક ભાવમાં લગભગ ૭-૮ ટકાનો વધારો થયો છે. વેપારીઓએ જણાવ્યું હતું કે ઘઉંના ભાવમાં વધારાના કારણોમાં આંતરરાષ્ટ્રીય માંગ-પુરવઠાની સ્થિતિ, વૈશ્વિક કોમોડિટીના ભાવમાં વધારો અને રશિયા-યુક્રેન યુદ્ધ જેવા વિવિધ પરિબળોનો સમાવેશ થાય છે. દરમ્યાન ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ રાષ્ટ્રીય રાજધાનીમાં તાત્કાલિક અસરથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં રૂા.૨૫.૫૦નો ઘટાડો કર્યો છે. કિંમતોમાં આ નવીનતમ ફેરફાર સાથે, ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં રૂા.૧,૮૮૫ને બદલે રૂા.૧,૮૫૯.૫૦ થશે. કોલકાતામાં, આ ભાવ ઘટાડીને રૂા.૧૯૫૯ કરવામાં આવ્યા છે અને મુંબઈમાં, તેની કિંમત હવે રૂા.૧૮૧૧.૫૦ હશે. આ સુધારો કિંમતમાં છેલ્લા ઘટાડા પછી એક મહિના પછી થયો છે. ૧ સપ્ટેમ્બરે, દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની પ્રતિ યુનિટ કિંમત રૂા.૯૧.૫૦ ઘટીને રૂા.૧,૯૭૬થી રૂા.૧,૮૮૫ થઈ હતી.

૨૦૨૪ની ચૂંટણીમાં નીતિશ PM પદ માટે ઉમેદવારી નોંધાવશે તેવા અહેવાલો તેજસ્વીએ નકાર્યા

(એજન્સી) તા.૫

બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે મુખ્યમંત્રી નીતિશ કુમારના વડાપ્રધાન બનવાના દાવાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેજસ્વીએ નીતિશની ઉમેદવારીના અહેવાલોને ફગાવતા કહ્યું કે પીઢ નેતા આગામી લોકસભા ચૂંટણી માટે વિપક્ષને એકજૂટ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે કહ્યું, તે (સીએમ નીતિશ કુમાર) સીએમ છે અને અમે તેમના માર્ગદર્શનમાં કામ કરી રહ્યા છીએ. તેમની પાસે અત્યારે એકમાત્ર એજન્ડા છે કે તમામ વિપક્ષોને સાથે લાવો. તેમને વડાપ્રધાન બનવાની કોઈ ઈચ્છા નથી. તેજસ્વીની ટિપ્પણી ઉત્તર પ્રદેશના ફુલપુરથી સીએમ નીતિશ કુમારની ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડવા અંગેની અનેક અટકળોને પગલે આવી છે. અગાઉ ૨૦ સપ્ટેમ્બરે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આ અફવાઓનું ખંડન કર્યું હતું અને કહ્યું હતું કે, તેઓ માત્ર દેશમાં વિરોધ પક્ષોને એક કરવા ઈચ્છે છે. ભાજપ ઉપર સીધો પ્રહાર કરતા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વધુ પડતી જાહેરાતો અને સમાચારોને નિયંત્રિત કરવા માટેના ભંડોળના સ્ત્રોત ઉપર સવાલ ઉઠાવ્યા હતા. બિહારની રાજધાની પટણામાં મીડિયાને સંબોધતા કુમારે આરોપ લગાવ્યો કે અમે ઘણું કામ કરીએ છીએ પણ એટલી જાહેરાત કરતા નથી. અમારી પાસે નકામા હેતુઓ માટે પૈસા નથી. મને ખબર નથી કે આટલી બધી જાહેરાતો અને સમાચારોને નિયંત્રિત કરવા માટે કેટલાક લોકોને પૈસા ક્યાંથી મળે છે. કુમાર બિહારના પટનામાં મહેસૂલ કર્મચારી નિમણૂંક પત્ર વિતરણ કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. મુખ્યમંત્રી નીતીશ પણ હાલમાં જ ઘણા વિપક્ષી નેતાઓને મળ્યા હતા. સીએમ કુમાર અને આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ સાથે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા વિરોધ પક્ષોને એક કરવા માટે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, આપણે ભાજપને હટાવી દેશને બચાવવો છે. આ માટે આપણે બધાએ સાથે આવવું પડશે, જે રીતે આપણે બિહારમાં ભાજપને હટાવી દીધી છે. અમે સોનિયા ગાંધી સાથે વાત કરી છે. તેમણે અમને ફરીથી મળવાનું કહ્યું છે.

કોંગ્રેસનો માસ્ટર સ્ટ્રોક : યુપીના રાજકારણમાં જ્ઞાતિ સમીકરણનો અનોખો પ્રયોગ કરાશે

નવી દિલ્હી, તા.૫

કોંગ્રેસે દલિત સમુદાયમાંથી આવતા બ્રિજલાલ ખબરીને પ્રદેશ કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ખબરીની નિમણૂકને લઈને પાર્ટી દલિત સમુદાયને પાર્ટીમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં કોંગ્રેસના નિરાશાજનક પ્રદર્શન બાદ હવે કોંગ્રેસ પાર્ટીએ સંસ્થામાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડે યુપીમાં નવા પ્રમુખની નિમણૂંક કરી છે, અને પ્રથમ વખત પ્રાંત સ્તરે પણ ૬ પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી છે. કોંગ્રેસનો આ અનોખો પ્રયોગ યુપીમાં કરવામાં આવી રહ્યો છે. પાર્ટી હાઈકમાન્ડ દ્વારા સમગ્ર રાજ્યને ૬ પ્રદેશોમાં વહેંચ્યા બાદ દરેક પ્રદેશ માટે એક પ્રાંત પ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ ૬ પ્રાંત - પૂર્વાંચલ, અવધ, પ્રયાગ, બુંદેલખંડ, બ્રજ અને પશ્ચિમ ઝોનના આધારે સમગ્ર યુપીનું વિભાજન કરવામાં આવ્યું છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાર્ટી કાર્યકારી પ્રમુખો સંગઠનને મજબૂત બનાવશે અને સાથે સાથે જ્ઞાતિ સમીકરણ પણ ઉકેલશે સૂત્રો કહે છે કે, પાર્ટી હાઈકમાન્ડ જ્ઞાતિ અને સંગઠનાત્મક અનુભવના આધારે કાર્યક્ષેત્રની વહેંચણી કરવાનું વિચારી રહી છે. કોંગ્રેસે દલિત સમુદાયમાંથી આવતા બ્રિજલાલ ખબરીને પ્રદેશ કોંગ્રેસના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ખબરીની નિમણૂકને લઈને પક્ષ દલિત સમુદાયને પાર્ટી સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યો છે. બ્રિજલાલ ખબરી રાજ્યમાં આક્રમક દલિત નેતા તરીકે ઓળખાય છે. પ્રમુખ તરીકે રાજ્યભરના દલિત સમાજને જોડવાની જવાબદારી તેમના ખભા પર રહેશે. જો પ્રાંતીય પ્રમુખોની વાત કરીએ તો મહારાજગંજ જિલ્લાના ફરેંડા ધારાસભ્ય વીરેન્દ્ર ચૌધરી પૂર્વાંચલમાં પાર્ટીની કમાન સંભાળશે. તેમની પાસે ખાસ કરીને ફૈઝાબાદ, આંબેડકર નગર, બસ્તી, મહારાજગંજ, સિદ્ધાર્થનગર, કુશીનગરમાં કુર્મી જાતિને પાર્ટી સાથે જોડવાની જવાબદારી હશે. સાથે જ પૂર્વ મંત્રી અજય રાયને પ્રયાગ ઝોનની જવાબદારી મળશે. ભૂમિહાર જાતિમાંથી આવતા અજય રાય મજબૂત ઈમેજ ધરાવતા નેતા છે. ભૂમિહાર સમુદાયમાં, અજય રાય પૂર્વથી પશ્ચિમ સુધી લોકપ્રિય નેતા છે. અવધ અને બુંદેલખંડ ઝોનમાં પ્રાંતીય પ્રમુખોની જવાબદારી પૂર્વ મંત્રી નકુલ દુબે અને યોગેશ દીક્ષિતની રહેશે. ૨૦૦૭માં મંત્રી રહી ચૂકેલા નકુલ દુબેનો બ્રાહ્મણ જાતિમાં ઘણો પ્રભાવ છે. નસીમુદ્દીન સિદ્દીકીને પશ્ચિમમાં પ્રાંતીય પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવશે. સાથે જ બ્રજમાં યાદવ સમુદાયમાંથી આવતા અનિલ યાદવ (ઈટાવા)ને જવાબદારી સોંપવામાં આવશે. ઉત્તર પ્રદેશની રાજનીતિના જાણકારોનું માનવું છે કે જાતિ સમીકરણની દૃષ્ટિએ જોઈએ તો યુપીમાં આ ફોર્મ્યુલા દ્વારા કોંગ્રેસે નિશ્ચિતપણે એક યોગ્ય ચક્વ્યુહ બનાવ્યો છે.

માર્ગ અકસ્માતો : તાકીદે પગલાં લેવાનો સમય પાકી ગયો છે

વાહનોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે. ૨૦૧૭ના વર્ષમાં ૨ કરોડથી વધુ નવાં વાહનો રજિસ્ટર થયાં હતાં. ૨૦૧૮માં ૨.૨૭ કરોડ નવાં વાહનો ઉમેરાયાં. ૨૦૧૯માં ૨.૧૪ કરોડ વાહનો અને ૨૦૨૦માં કોરોનાનું વરસ હોવા છતાં ૧.૬૫ કરોડથી વધુ વાહનો રજિસ્ટર થયા. ૨૦૨૧માં ૧.૭૦ કરોડ વાહનો અને ૨૦૨૨ના હજુ નવ મહિના થયા છે અને નવરાત્રિ-દિવાળી જેવા તહેવારો દરમ્યાન મોટા પ્રમાણમાં થતી વાહનોની ખરીદી બાકી છે છતાં આંકડો ૧.૨૭ કરોડની પાર પહોંચી ગયો છે. દેશમાં ૨૫ કરોડથી વધારે વાહનો સડક ઉપર દોડી રહ્યા છે. આમાં સૌથી વધારે સંખ્યા ટુવ્હીલર્સ એટલે કે દ્વિચક્રી વાહનોની છે. ત્યાર પછી પેસેન્જર વેહિકલ્સ, કમર્શિયલ વેહિકલ્સ અને થ્રી વ્હીલર્સ આવે.

ભારતની વસતી ૨૦૦૧માં ૧૦૨.૮૭ કરોડ હતી જે આજે ૧૪૦ કરોડને વટાવી ગઈ છે. આમ છેલ્લાં વીસ વરસમાં ભારતની વસ્તીમાં ૪૦ કરોડનો વધારો થયો છે. આ સામે જો રસ્તાઓની વાત કરીએ તો ૨૦૧૨માં ૪૮.૬ લાખ કિલોમીટરના રસ્તા હતા જેમાં ૭૬,૮૧૮ કિમી રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને ૧.૬૪ લાખ કિમી રાજ્ય ધોરીમાર્ગો હતા. આજે દેશમાં ૬૩.૭ લાખ કિલોમીટરથી વધુ રસ્તાનું નેટવર્ક છે જેમાં ૧.૪૦ લાખ કિમી રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને ૧.૭૧ લાખ કિમી રાજ્ય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે. ભારત વિશ્વમાં બીજા નંબરનું સૌથી મોટું રોડ નેટવર્ક ધરાવે છે પરંતુ નબળા બાંધકામ અને યોગ્ય જાળવણીના અભાવે મોટા ભાગના રસ્તાઓ ખરાબ હાલતમાં છે. આમ, દેશમાં વધતી વસ્તીની સાથે સાથે વાહનોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. બદલાયેલી જીવનશૈલીમાં હવે વાહનો અનિવાર્ય બની ગયા છે. વાહનોની સંખ્યા અને રસ્તાની લંબાઈ વધવાની સાથે અકસ્માતોની સંખ્યા પણ દેશમાં વધી રહી છે. વિશ્વ બેંકનો અંદાજ છે કે દર વર્ષે ટ્રાફિક અકસ્માતથી ભારતીય અર્થતંત્રને તેના જીડીપીના ત્રણથી પાંચ ટકાનું નુકસાન થાય છે. માર્ગ અકસ્માતમાં મૃત્યું પામનાર અથવા ઈજા પામનાર દરેક વ્યક્તિના પ્રિયજનોને એક ઊંડી અસર થાય છે. વ્યક્તિગત નુકસાન અને વેદનાની કિંમત મૂલવવી તો અશક્ય છે એ સંયોગોમાં ટ્રાફિક અકસ્માતોના અંદાજ મેળવવો ખૂબ મુશ્કેલ છે. પરિવારમાં આવકનો એકમાત્ર ગુમાવવાની ખોટ અને ટ્રાફિક અકસ્માતોના પરિણામે અસમર્થ બનેલા પરિવારના સભ્યોની સંભાળ રાખવાની વધારાની જવાબદારી ઘણા પરિવારોને અત્યંત ગરીબીમાં ધકેલી દે છે. માર્ગ અકસ્માતોમાં થતાં મૃત્યુના ૭૦ ટકા ૧૮થી ૪૫ વર્ષની વયજુથમાં થાય જેમાં પણ ૯૨ ટકા પુરૂષો હોય છે. વર્લ્ડ રોડ સ્ટેટિસ્ટિક્સ અનુસાર ૧૯૯ દેશોમાંથી માર્ગ અકસ્માતમાંર સૌથી વધુ મૃત્યુ ભારતમાં થાય છે, ત્યારબાદ ચીન અને અમેરિકાનો ક્રમ આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના રોડ સેફ્ટી અંગેના ૨૦૧૮ના વૈશ્વિક સ્ટેટસ રિપોર્ટ અનુસાર, ટ્રાફિક અકસ્માતોના પરિણામે વિશ્વભરમાં થતા તમામ મૃત્યુના ૧૧ ટકાથી વધુ ભારતમાં થાય છે. વર્લ્ડ બેંકના આંકડા પણ વિશ્વમાં સૌથી વધુ માર્ગ અકસ્માતો ભારતમાં થતાં હોવાનું કહે છે. કોરોના મહામારી પહેલા દેશમાં દર ચાર મિનિટે એક ભયાનક માર્ગ અકસ્માત થતો હતો.

ભારતમાં ટ્રાફિક અથડામણો દર વર્ષે મૃત્યુ, ઈજાઓ અને સંપત્તિના નુકસાનનું મુખ્ય સ્ત્રોત છે. ૨૦૧૯માં, બોશ ફાઉન્ડેશને જાહેર કર્યું હતું કે ભારતમાં માર્ગ અકસ્માતોથી થતું કુલ સામાજિક-આર્થિક નુકસાન ૧૫.૭૧થી ૩૮.૮૧ બિલિયન ડોલર જેટલું છે. આવી ચોંકાવનારી હકીકત દર્શાવે છે કે વધુ માર્ગ અકસ્માતોના પરિણામે વધુ આર્થિક અને માનવ મૂડીનું નુકસાન થાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB)ના રિપોર્ટ પ્રમાણે, ૨૦૨૧માં દેશભરમાં ૪.૦૩ લાખથી વધારે માર્ગ અકસ્માત થયા હતા. જેમાં ૧,૫૫,૬૨૨ મૃત્યુ થયા છે, જે ૨૦૧૪ પછીનો સૌથી મોટો આંકડો છે. આમાંથી ૬૯,૨૪૦ મૃત્યુ દ્વિચક્રી વાહનોને કારણે થયા છે.

ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ફોર હાઈવે સેફ્ટી, અમેરિકાનો અભ્યાસ દર્શાવે છે કે સીટ બેલ્ટનો ઉપયોગ રોડ અકસ્માતોના જોખમો અને ઈજાઓને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને તેમ છતાં કારમાં સીટ બેલ્ટના ઉપયોગને લઈને જાગરૂકતા કે કાયદાકીય સખતાઈનો અમલ થતો નથી. IIT દિલ્હી દ્વારા કરવામાં આવેલ અભ્યાસ દર્શાવે છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ભારતમાં રસ્તાઓની કુલ લંબાઈના માત્ર બે ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ તેઓ કુલ માર્ગ અકસ્માતોમાં ૩૦.૩ ટકા અને મૃત્યુમાં ૩૬ ટકા હિસ્સો ધરાવે છે.

WHOના ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ઓન રોડ સેફ્ટી, ૨૦૧૮ વિશ્વભરમાં દર વર્ષે ૧૩.૫ લાખ લોકો માર્ગ અકસ્માતો અને ઈજાઓથી મૃત્યુ પામે છે. WHOના ૨૦૨૦ના આંકડા અનુસાર અંદાજે ૨થી ૫ કરોડ લોકો એવી ઈજાઓ પામે છે જે ઘાતક નથી પણ ઘણા કિસ્સાઓમાં પંગુતાનું કારણ બને છે. વૈશ્વિક સ્તરે, પથી ૧૪ વર્ષની વયના બાળકો અને ૧૫થી ૨૯ વર્ષની વયના યુવાનોમાં મૃત્યુનું પ્રથમ કારણ રોડ ટ્રાફિક ઈજાઓ છે. ૨૦૧૬માં તમામ ઉંમરના લોકો માટે માર્ગ અકસ્માતો મૃત્યુનું આઠમું મુખ્ય કારણ હતું. એવું જાણવા મળ્યું હતું કે ઉચ્ચ આવક ધરાવતા દેશોની સરખામણીમાં ઓછી આવક ધરાવતા દેશોમાં સ્થિતિ વધુ ખરાબ છે. WHOના ૨૦૧૮ના રિપોર્ટ અનુસાર ઉચ્ચ આવક ધરાવતા દેશોની સરખામણીએ ઓછી આવક ધરાવતા દેશોમાં માર્ગ અકસ્માતમાં મૃત્યું પામેલા લોકોની સંખ્યા ત્રણ ગણી વધારે હતી. આ સમસ્યા ઓછી અને મધ્યમ આવક ધરાવતા અર્થતંત્રો માટે અત્યંત ચિંતાજનક છે, જે કુલ વાહન માલિકીનાં ૬૦ ટકા અને માર્ગ અકસ્માતના મૃત્યુના ૯૩ ટકા હિસ્સો ધરાવે છે.

ભારતનાં તમામ રાજ્યોમાં માર્ગ અકસ્માતનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તાજેતરના નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના અહેવાલો દર્શાવે છે કે ૨૦૨૦ની તુલનામાં માર્ગ અકસ્માત મૃત્યુ દરમાં ૫.૧ ટકાનો વધારો થયો છે. જર્જરિત રસ્તાઓ અને રસ્તાના કામોની નબળી ગુણવત્તાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અકસ્માતો વધુ જોવા મળી રહ્યા છે. રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો ઉપર અકસ્માતનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે.

૨૦૨૧માં, મોટા અકસ્માત-સંબંધિત મૃત્યુના કેસો મુખ્યત્વે આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, કર્ણાટક, તમિલનાડુ, રાજસ્થાન અને ગુજરાતમાંથી આવ્યા હતા. જો કે, અકસ્માતમાં મૃત્યુંદરનો સૌથી વધુ દર છત્તીસગઢ (૫૯ ટકા), ત્યારબાદ પુડુચેરી (૫૮ ટકા), હરિયાણા (૫૨.૩ ટકા), લદ્દાખ (૫૧ ટકા) અને મધ્યપ્રદેશ (૪૭.૭ટકા) રાજ્યોમાં નોંધાયો છે. ૨૦૨૧માં, ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ અકસ્માત મૃત્યુ દર નોંધાયો.

છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ માર્ગ અકસ્માતમાં ૩૦ ટકાથી ૪૦ ટકા જેટલો હિસ્સો દ્વિચક્રી વાહનોનો છે. આ માટેનાં કારણો ઓવર સ્પીડિંગ અને ખાડાઓ ઉપરાંત વારંવાર લેન બદલતા રહેવું, હેલ્મેટ ન પહેરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ અને ખોટી બાજુએ વાહન ચલાવવા જેવાં સલામતી પરિબળોની ઉપેક્ષા છે. હવામાન અને ડ્રાઈવિંગનો સમય જેવાં અન્ય પરિબળો પણ માર્ગઅકસ્માતની ઘટનાઓ અને મૃત્યુદરમાં મોટો ફાળો આપે છે. ૨૦૨૧માં, NCRBના અહેવાલ મુજબ, ચાર લાખ કેસોમાંથી લગભગ ૮૧ હજાર માર્ગ અકસ્માતો રાત્રિના સમયે થયા છે. રાત્રિના સમયે માર્ગ અકસ્માતની તીવ્રતા તામિલનાડુ, મધ્ય પ્રદેશ અને કેરળમાં સૌથી વધુ છે. આના માટેનું કારણ એ હોઈ શકે કે સાંજ અને રાત્રિના સમયે ડ્રાઈવરો સીટબેલ્ટ પહેરવાનું પસંદ કરતાં નથી. ઓવર સ્પીડિંગ અને દારૂનો નશો પણ સંભવિત અન્ય કારણો છે. સવારના સમયે, ઓછાં વાહનો અને સારી વિઝિબિલિટીને કારણે માર્ગ અકસ્માતની ઘટનાઓ પ્રમાણમાં ઓછી હોય છે. જો કે, વહેલી સવારના સમયે થાક અને ઊંઘને કારણે બસ અને ટ્રક અકસ્માતોમાં ભારે વધારો જોવા મળ્યો છે. વધુમાં, NCRB તરફથી માર્ગ અકસ્માતના આંકડાઓના મહિનાવાર વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે શિયાળાનો સમય, ખાસ કરીને ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી લગભગ ૩૦ ટકા માર્ગ અકસ્માતો માટે જવાબદાર છે. આનું કારણ ધુમ્મસને લીધે ઓછી વિઝિબિલિટી હોઈ શકે છે.

WHO અનુસાર, ટ્રાફિક જાનહાનિ એ એક એવું હેલ્થ એપીડેમીક છે જેને રોકી શકાય છે. આમ તો શબ્દકોશ મુજબ અકસ્માત એટલે 'એવી ઘટના છે જે સંયોગથી બને છે અથવા જેનું કોઈ સ્પષ્ટ અથવા ઈરાદાપૂર્વકનું કારણ નથી', પણ ટ્રાફિક અકસ્માતો માટે આ વ્યાખ્યા સંપૂર્ણ રીતે સાચી નથી. માર્ગ અકસ્માતના કારણો નક્કી કરી શકાય છે અને તેને અટકાવી શકાય છે, તેને નુકસાન અને મૃત્યુનું કારણ બનતું અટકાવી શકાય છે. આ માટે કાયદાનું કડક અમલીકરણ, રસ્તાની ગુણવત્તા, સ્પીડ લિમિટને લગતા સુધારા માટે ટેકનોલોજીનો ઉપયોગ, જ્યાં અકસ્માતની ઘટનાઓ વધુ બનતી હોય ત્યાં ચેકપોઈન્ટ અને રેન્ડમ ટેસ્ટીંગ પ્રક્રિયા ઉપરાંત સૌથી મહત્વની બાબત જાગૃતિ ઝુંબેશ છે. ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ઘટાડો કરવાના સંયુક્ત રાષ્ટ્રના લક્ષ્યને પૂર્ણ કરવામાં ભારત અદ્યતન તકનીકો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને મદદ કરી શકે છે.

કોમ્પ્યુટર અપડેટ કરવાના બહાના હેઠળ

બેંક ફ્રોડ કેસમાં ભોગ બનનાર વ્યક્તિને રૂા.૨,૮૬,૭૯૨ પરત અપાવતી જૂનાગઢ એસઓજી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ રેન્જના ઈન્ચાર્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયા તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં સાયબર ક્રાઈમના વધતા જતા બનાવોને ધ્યાને લઈ આવા ગુનાઓ બનતા અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોએ ગુમાવેલ નાણા રીફંડ થાય તેવ પ્રયત્નો કરવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને એસઓજી જૂનાગઢના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. ગોહીલ તથા સાયબર સેલના પીએસઆઈ એમ.જે.ક્રોડીયાતર તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય, જે અનુસંધાને માંગરોળ ખાતે રહેતા પ્રશાંત હોદારના મોબાઈલ ફોનઉપર એક અજાણ્યા નંબર ઉપરથી એસએમએસ આવેલ જે મેસેજમાં જણાવેલ હતું કે તમારું એસબીઆઈ એકાઉન્ટ અપડેયટ નહીં કરવામાં આવે તો થોડા સમયમાં બ્લોક થઈ જશે જેથી પાનકાર્ડ અપડેટ કરવું જરૂરી છે અને તે અપડેટ કરવા માટે નીચે લીંક આપેલ હતી જેથી અરજદારએ તે લીંક ઉપર કલીક કરતા વેબસાઈટ જેવું હોમપેજ ઓપન થયેલ હતું જેમાં અલગ અલગ ઓપરેશન આપવામાં આવેલ જેમાં એકાઉન્ટ નંબર, એટીએમ નંબર, પાનકાર્ડ નંબર, મોબાઈલ નંબરની વિગતો નાખતા અરજદારના એકાઉન્ટમાંથી સામેવાળાએ તાત્કાલીક નેટ બેન્કીંગ દ્વારા કુલ ટ્રાન્જેકશન મારફત રૂા.૨,૮૬,૭૯૨/-ઉપાડી લીધેલ હતા જેથી અરજદારે તાત્કાલીક જૂનાગઢ જીલ્લા સાયબર સેલનો સંપર્ક કરેલ જેથી જૂનાગઢ જીલ્લા સાયબર સેલના એએસઆઈ દિપકભાઈ જાની, પો.કો. બિન્દ્રા ગિરનારા, કૃણાલસિંહ પરમાર દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવેલ અને ફોડસ્ટર દ્વારા એમેઝોન-પે દ્વારા ઓનલાઈન ખરીદી કરેલ હોય જેતથી તાત્કાલીક એમેઝોન પે તથા બેંક તેમજ સંલગ્ન પેમેન્ટ ગેટ-વે એવજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી ફોડસ્ટર દ્વારા ફોડ કરવામાં આવેલ રકમ અન્ય જગ્યાએ ઉપયોગ ના થાય અને અરજદારને તે રીફંડ મળી જાય તે માટે એજન્સીઓ સાથે સતત સંપર્કમાં રહી કાર્યવાહી કરી ભોગ બનનારને ફોડમાં ગુમાવેલ રકમ રૂા.૨,૬૧,૮૦૦/- તેમના બેંક ખાતામાં રીફંડ કરાવેલ હતા. આ કામગીરીમાં એસઓજીના પીઆઈ એ.એમ. ગોહીલ તથા સાયબર સેલના પીએસઆઈ એમ.જે. ક્રોડીયાતર, એએસઆઈ દિપકભાઈ જાની, પો.કો. બિન્દ્રા ગિરનારા, કૃણાલસિંહ પરમાર, માનસીંગભાઈ રાઠોડ, રવીરાજસિંહ વાળા, મયુરભાઈ ઓડેદરા વગેરે જોડાયા હતા.

જૂનાગઢમાં છરીના ઘા ઝીંકી યુવાનની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો : આરોપી ઝબ્બે

નવરાત્રીમાં ગરબી જોવા ગયા બાદ બંને મિત્રો વચ્ચે બોલાચાલી થતા મામલો બિચકયો અને છરીના ઘા ઝીંકી મિત્રની હત્યા કરી હોવાનું તપાસમાં ખુલ્યું

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ શહેરમાં ધરાનગર ખાતે એક યુવાનને છરીના ઘા ઝીંકીને મોતનો ઘાટ ઉતારી દેવાનો બનાવ બનવા પામેલ હતો. આ હત્યા કેસના બનાવને ગણતરીના કલાકોમાં જ પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે અને આરોપીની ધરપકડ કરી હોવાનું જાણવા મળેલ છે. વધુમાં આ હત્યાના કારણમાં એવું બહાર આવેલ કે મરણ જનાર તથા આરોપી બંને મિત્રો હોય અને નવરાત્રીના તહેવાર સબબ ગરબી જોવા ભેગા થયા હતા અને બાદમાં મરણ જનારના ઘરે બેઠા હોય અને બોલાચાલી થતા મૃતકે આરોપીને ગાળો આપતા આરોપીએ પેન્ટના નેફામાંથી છરી કાઢીને મૃતકને છરી વડે પેટમાં તથા હાથ તથા પીઠના ભાગે જીવલેણ ઈજાઓ કરી મૃત્યુ નીપજાવેલ હોવાનું બહાર આવ્યું છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર તા.૪-૧૦-૨૨ના રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂનાગઢ આંબેડકરનગર કોમર્સ કોલેજની સામે ખુનનો બનાવ બનેલ હતનો. આ કામના ફરીયાદી મંજુલાબેન ઉગાભાઈ પાતરે મરણ જનાર પોતાના દિકરા જયેશ ઉર્ફે ચોલી ઉગાભાઈ પાતર (ઉ.વ.૨૬) તથા આરોપી હરેશ જીવાભાઈ સોલંકી રહે. રાજીવનગર જૂનાગઢવાળાને કોઈપણ કારણસર બોલાચાલી થયેલ હોય તે દરમ્યાન આરોપીએ ફરીયાદીના દિકરા જયેશને છરીના જીવલેણ ઘા મારી મૃત્યુ નીપજાવી ગુન્હો કરેલ હોય જે અનુસંધાને એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આઈપીસી ૩૦૨ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

આ બનાવની ગંભીરતા ધ્યાને લઈ જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીના સીધા માર્ગદર્શન હેઠળ આરોપીને તાત્કાલીક પકડી પાડવા સાથ સુચના કરવામાં આવેલ તેમજ જૂનાગઢ વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.વી.ડામોરના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ, એ ડીવીઝન તથા સી-ડીવીઝન પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી પકડી પાડવા ટીમો રવાના કરી આ ગુન્હામાં આરોપીને પકડી પાડવા કાર્યવાહી શરૂ કરતા હ્યુમન ઈન્ટેલીજન્ટસ તથા ખાનગી બાતમીદારો મારફત પકડી પાડવા પ્રયત્નશીલ કરતા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.આઈ. ભાટી તથા એ ડીવીઝના પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ. વાઢેર તથા ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે.ગઢવી તથા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.કે.પરમાર તથા સીડીવીઝન પો.સ્ટેશનના જે.એમ.વાળા, ક્રાઈમ બ્રાન્ચના પો.કો. પ્રકાશ ડાભી, દિપકભાઈ બડવા, દિવ્યેશભાઈ ડાભી, સીડીવીઝન પો.સ્ટેશનના ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સીસોદીયા તથા એ ડીવીઝન પો.સ્ટેશનના એએસઆઈ સરતાજ સાંધ, એમ.ડી. માડમ, પો.કો. એમ.યુ. અબડા, એસ.એ.કારેથા, રામભાઈ રૂડાભાઈ, ખીમાણંદભાઈ, કલ્પેશભાઈ સહિતનો પોલીસ સ્ટાફ તપાસમાં હતો જે દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. ગઢવી સહિતના સ્ટાફને ખાનગી રાહે હકીકત મળેલ કે ઉપરોકત બનાવમાં સંડોવાયેલ આરોપી થાણાપીપળી ગામે હોય જેથી તપાસ કરતા આરોપી મળી આવતા તેનો ઝડપી લઈ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનો આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવેલ છે.

સ્ટર્લીંગ હોસ્પીટલ, રાજકોટ દ્વારા જૈનમ નવરાત્રી મહોત્સવનાં ગ્રાઉન્ડ ઉપર વિશેષ ઉજવણી કરવામાં આવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

સ્ટર્લિંગ હોસ્પીટલ, રાજકોટ દ્વારા વર્લ્ડ હાર્ટ ડેનિમિત્તે લોકોમાં હેલ્થી લાઈફ અપનાવવા અંગે જૈનમ નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત ગરબા ખેલૈયાઓ તેમજ આમંત્રીતોની વચ્ચે સ્ટર્લીંગ હોસ્પીટલ, રાજકોટનાં કાર્ડીયોલોજી વિભાગના ડો.ચિંતન મહેતા, ડો.રવિ ભોજાણી, ડો.મનદીપ ટીલાળા, ડો.પાર્શ્વ વોરા દ્વારા ઉપસ્થિત જનમેદનીને ખાસ ટીપ્સ આપવામાં આવેલ હતી.આ તકે હાજર મહેમાનોની હાજરીમાં હાર્ટ શેઈપની કેક પણ કાપવામાં આવેલ તેમજ ત્યારબાદ હાર્ટ શેઈપના બલુન દ્વારા ખેલૈયાઓએ કાર્ડીઓ ગરબા કરેલ અને તેમને સ્ટેજ ઉપરથી લાઈવ ડીજેનો સપોર્ટ મળેલ હતો. સ્ટર્લિંગ હોસ્પીટલના કાર્ડીઓલોજીસ્ટની ટીમના જણાવ્યા મુજબ ગરબા પણ એક પ્રકારની કાર્ડીઓ એકસરસાઈઝ જ છે. નિયમીત પણે કસરત કરવાથી માનવ શરીરને એક પ્રકારની વિશિષ્ટ ઉર્જા પ્રાપ્ત થાય છે. તેમજ શરીરના તમામ અંગો નિયમીત પ્રકારે કામ કરે છે અને તેથી શરીર નિરોગી રહે છે.

આ સમગ્ર કાર્યક્રમમાં સ્ટર્લિંગ હોસ્પીટલ, રાજકોટના યુનિટ હેડ ઘનશ્યામ ગુસાણી તેમજ માર્કેટીંગ હેડ નિપેશભાઈ અઘેરા ઉપસ્થિત રહેલ તથા જૈનમ ગરબા મહોત્સવના જીતુભાઈ કોઠારી અને તેમની ટીમનો પણ સહયોગ પ્રાપ્ત થયેલ હતો. આ ઈવેન્ટનું મેનેજમેન્ટ રાજકોટ સ્થિત કેમ્પેઈન એડવર્ટાઈઝીંગ દ્વારા કરવામાં આવેલ હતું.

રવિવારથી યૂથ કોંગ્રેસની સોમનાથથી સુઈ સુધીની યુવા પરિવર્તન યાત્રા યોજાશે

સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતના ૧૫ જિલ્લામાંથી યાત્રા પસાર થશે, કોંગ્રેસે આપેલા ૮ વચનો જનજન સુધી પહોંચાડશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

આગામી વિધાનસભાની ચૂંટણીમાં યુવા મતદારોને રીઝવવા માટે યુથ કોંગ્રેસ એકશન મોડમાં આવી છે. ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા આગામી તા.૯ને રવિવારથી સોમનાથથી સુઈ ગામ સુધીની યુવા પરિવર્તન યાત્રાનો પ્રારંભ થશે. જેમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા ૮ વચનો જન-જન સુધી પહોંચાડશે. તેમજ કેશોદ, માણાવદર, કુતિયાણા, ખંભાળીયા, જામનગર, મોરબી સહિતના તાલુકામાં અને જિલ્લા મથકે રોડ-શો યોજાશે. તેમજ ગ્રામ્ય પંથકમાં ખાટલા પરિષદ કરશે. તો થરાદમાં પૂર્ણાહુતિ પ્રસંગે ૧૦ હજાર યુવાનો સાથે જંગી પદયાત્રા યોજાશે.

ઈન્ડિયન યુથ કોંગ્રેસનાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, રાજભા ઝાલા એ જણાવ્યું હતું કે, ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા યુવા પરિવર્તન યાત્રાનું પ્રથમ ચરણ અંબાજીથી ઉમરગામ સુધીની ભવ્ય સફળતા મળી છે, આ યુવા પરિવર્તન યાત્રામાં ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને ગુજરાત યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની આગેવાનીમાં થઈ રહી છે. આ યાત્રાના પ્રથમ ચરણમાં અંબાજીથી ઉમરગામના ૧૦ દિવસની યાત્રામાં હજારોની સંખ્યામાં યુવાનો જોડાયા હતાં. આ યુવા પરિવર્તન યાત્રામાં સભા, બાઈક રેલી, મસાલ યાત્રા જેવા અનેક કાર્યક્રમો થયા છે.

જ્યારે હવે બીજા ચરણમાં આ યુવા પરિવર્તનયાત્રા તા.૯-૧૦ થી ૧૮-૧૦ સુધી ૧૦ દિવસ ચાલશે. આ યુવા પરિવર્તનયાત્રા સોમનાથથી સુઈ ગામ ત્યારબાદ નડાબેટ દર્શન કરીને પૂર્ણ કરવામાં આવશે. આ યુવા પરિવર્તનયાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રભારી ડો.રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ રામકિશન ઓઝા સહિત તમામ ધારાસભ્યો આ યાત્રામાં કોંગ્રેસ સમિતિના તમામ આગેવાનો જોડાશે.

યુવા પરિવર્તન યાત્રામાં બે રોજગાર યુવાનોને પ્રતિમાસ રૂા.૩ હજાર બેરોજગારી ભથ્થું, સરકારી નોકરીઓમાં કોન્ટ્રાકટ પધ્ધતિ નાબૂદ કરવા, રાજ્યના ૧૦ લાખ શિક્ષીત બેરોજગારોને નોકરી આપવામાં આવશે. આ ઉપરાંત પેપર ફોડનાર સામે કાર્યવાહી કરવામાં આવશે તેમજ ચોક્કસ નીતિ બનાવવામાં આવશે. તેમજ કોરોનામાં સ્વજન ગુમાવનારને રૂા.૪ લાખનું વળતર તથા ખેડૂતોને વ્યાજમાફી આપવામાં આવશે. ડ્રગ્સ બાબતે યુવાનોને જાગૃત કરાશે અને ગુજરાતને ડ્રગ્સ મુકત કરવાની ઝુંબેશમાં યુવાનોને જોડાવવા આહવાન કરશે. તા.૯-૧૦-૨૨ સવારે ૧૦ સોમનાથ સભા, બપોરે ૨ વેરાવળ, સાંજે ૫.૩૦ કેશોદ (મસાલ યાત્રા), તા.૧૦-૧૦-૨૨ સવારે ૧૧ માણાવદર (સ્વાગત), બપોરે ૧ કુતિયાણા, સાંજે ૪ રાણાવાવ (સ્વાગત), સાંજે ૫ પોરબંદર-સભા, તા.૧૧-૧૦-૨૨ સવારે ૧૦ ખંભાળીયા, સાંજે ૪ જામનગર (રોડ શો), સાંજે ૬ ધ્રોલ (સ્વાગત), તા.૧૨-૧૦-૨૨ સવારે ૧૦ પડધરી, બપોરે ૧૨ રાજકોટ (રોડ શો), સાંજે ૫ વાંકાનેર, તા.૧૩-૧૦-૨૨ સવારે ૧૦ મોરબી, બપોરે ૧ હળવદ, સાંજે ૬ ધ્રાંગધ્રા, તા.૧૪-૧૦૨૨ સવારે ૧૧ પાટડી, સાંજે ૪ દસાડા (સ્વાગત), સાંજે ૬ વિઠ્ઠલાપુર (સભા), તા.૧૫-૧૦-૨૨ સવારે ૧૦ દેત્રોજ, બપોરે ૧ કડી (સ્વાગત), બપોરે ૨ કલોલ (સભા), સાંજે ૬ માણસા (મસાલ યાત્રા), તા.૧૬-૧૦-૨૨ સવારે ૧૦ વિજાપુર, બપોરે ૨ વિસનગર, સાંજે ૫ ઉંજા (સ્વાગત), સાંજે ૬ પાટણ (મશાલ યાત્રા), તા.૧૭-૧૦-૨૨ સવારે ૧૧ હારીજ, બપોરે ૧૨ સમી, બપોરે ૧ રાધનપુર (સભા), સાંજે ૪ થરા (સ્વાગત), તા.૧૮-૧૦-૨૨ સવારે ૧૦ જેતડા (સ્વાગત), સવારે ૧૧ થરાદ (પદયાત્રા સભા), બપોરે ૩ વાવ (સ્વાગત), સાંજે ૫ સુઈગામ (રોડ શો), સાંજે ૭ નડાબેટ (દર્શન) રાખેલ છે.

જિયો, એરટેલ અને આઈડીયાના ગ્રાહકો આનંદો...

આપના મોબાઈલમાં ફાઈવ-જી નેટવર્ક મેળવવું સરળ

(એજન્સી)

નવી દિલ્હી તા.૫

ફાઈવ-જી સર્વિસ દેશભરમાં તા.૧ લી ઓકટોબરે લોન્ચ કરવામાં આવી છે. એરટેલને ગઈકાલથી જ દેશના ૮ મોટા પ્રમુખ શહેરોમાં ફાઈવ-જીની સેવાઓ શરૂ કરી દીધી છે. જેમાં દિલ્હી, મુંબઈ, વારાણસી, બેંગ્લોર, ચૈન્નાઈ, હૈદરાબાદ, સિલીગુડી અને કોલકત્તાનો સમાવેશ થાય છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, વર્તમાન સમયમાં ફકત ફાઈવ-જી ફોન હોવાથી આ સેવાનો લાભ નહીં લઈ શકાય. તેના માટે તમારે કેટલાક સ્ટેપ ફોલો કરવા પડશે. એરટેલ, જીઓ અને વોડાફોન, આઈડીયાના વપરાશકર્તાઓએ પોતાના ફોનમાં ફાઈવ-જી સેવા ઓ શરૂ કરવા માટે થોડા સ્ટેપ ફોલો કરવા પડશે.

(૧) સૌથી પહેલા પોતાના ઓપરેટર થી વાત કરી લો કે તમારા વિસ્તારમાં ફાઈવ-જી છે કે નહીં. માહિતી જોણવા માટે તમે જિયો, એરટેલ કે વીઆઈના ગ્રાહક સંભાળ (કસ્ટમર કેર) થી વાત કરી શકો છો.

(૨) જો તમારા ઓપરેટર વિસ્તાર ફાઈવ-જી છે તે સુનિશ્ચિત કરો કે તમારા ફોનમાં ફાઈવ-જી સપોર્ટ થાય છે, જે જિયો, એટલે કે વીઆઈ દ્વારા આપવામાં આવે છે.

(૩) હવે પોતાના ફાઈવ-જી સ્માર્ટફોનના સેટીંગમાં જાવ અને પછી મોબાઈલ નેટવર્કના વિકલ્પ ઉપર કિલક કરો.

(૪) તમારે તેમાં ઓપરેટરને સિલેકટ કરવું પડશે, જેને માટે તમે ફાઈવ-જી કનેકટીવીટી યોગ્ય કરવા માંગો છો.

(૫) સીમ -૧ કે સીમ-૨માંથી કોઈ એક ઉપર કિલક કરો અને **pewferred network** મેળવવા માટે નીચે સ્કોલ કરો.

(૬) હવે ફાઈવ-જી, ફોર-જી ટુ-જી (ઓટો) માંથી વિકલ્પ પસંદ કરી લો. જેથી તમારો સ્માર્ટફોન ઓટોમેટીક તમારા વિસ્તારમાં ચાલી રહેલ ફાઈવ-જી નેટવર્કને શોધી શકે અને તમારા ફોનમાં ડિફોલ્ટ ડેટા કનેકટીવીટી વિકલ્પ બનાવી શકે.

(૭) તમારે તમારા ફોનમાં સોફટવેર અપડેટ કરવું પડી શકે છે. તેના માટે એ જાણવા માટે સેટીંગમાં જઈ ચેક કરી લો કે ફાઈવ-જી થી જોડાયેલ કોઈ ફિચર કે અપડેટ આવ્યું છે.

(૮) હવે તમારે તમારા ફોનને રીસ્ટાર્ટ કરો. જો તમારા વિસ્તારમાં ફાઈવ-જી ઉપલબ્ધ હશે તો કામ કરવાનું શરૂ થઈ જશે.

ગિરના કનકાઈ મંદિરે અષ્ટમીનાં હવનમાં માઈ ભકતો ભાવવિભોર

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૫

નવરાત્રીના અષ્ટમીના દિવસે ગીરના કનકાઈ મંદિર ખાતે ૮૪ જ્ઞાતિઓમાં કુળદેવી તરીકે પૂજાતા કનકેશ્વરી માતાજીનો હવન યોજાયો હતો. આસો અષ્ટમીના આ હવનમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહયા હતા. ગીરની મધ્યે આવેલા કનકેશ્વરી માતાના મંદિરે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો થતા રહે છે ત્યારે નવરાત્રીના આઠમાં નોરતે મંદિરમાં માતાજીના હવનનું આયોજન પરંપરાગત શાસ્ત્રોકત વિધી-વિધાન અનુસાર કરવામાં આવ્યું હતું. હવનના મુખ્ય મનોરથી અનીલભાઈ અમૃતલાલ શાહ પરિવાર દ્વારા કરવામાં આવેલા હવનમાં ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ જાની, મેનેજર દેવાંગ ઓઝા, ઉદય મહેતા સહિત બહોળી સંખ્યામાં માઈ ભકતોએ ઉપસ્થિત રહી હવન દર્શનનો લાભ લીધો હતો.

હવે બીએસઈ પર શેરની જેમ જ સોનાનું પણ ખરીદ અને વેચાણ કરી શકાશે

ટૂંક સમયમાં જ તમે બીએસઈ પર સોનાની ખરીદી અને વેચાણ કરી શકશો. સેબીએ મંજૂરી આપી દીધી. બીએસઈ પર સોનાનો વેપાર દિવાળી સુધીમાં શરૂ થઈ જશે. શેરોની જેમ સોનાની કિંમત પણ ચોક્કસ સમયે બીએસઈ પર જોવા મળશે. જો તમે ખરીદવા અથવા વેચવા માંગતા હો, તો તમે તમારી ઇચ્છા મુજબ સોનું ખરીદી અને વેચી શકશો. ખરીદેલું સોનું તમારા ડીમેટ ખાતામાં જમા થશે.

તમે ૧૦ ગ્રામ સોનું ખરીદ્યું છે. ૩ મહિના પછી તેની કિંમત વધે છે અને તમે તેને વેચવા માંગો છો. આ માટે, તમારે ફકત બીએસઈ પર જવું પડશે અને વેચાણ બટન દબાવો અને તરત જ સોનાની કિંમત અનુસાર રકમ તમારા ખાતામાં જમા થઈ જશે.

નવરાત્રીમાં અંબાજી મંદિરમાં સોના ચાંદીનો દાનનો અવિરત પ્રવાહ, લાખો રૂપિયાનું દાન



- નવરાત્રીમાં માઇભક્તોમાંના મંદિરે કરી રહ્યા છે મન મૂકીને દાન
- દુર્ગા અષ્ટમીના દિવસે ૨૦૦ ગ્રામ સોનું અને બીજુ ૫૦ ગ્રામ સોનુ એટલે આજે ટોટલ ૨૫૦ ગ્રામ સોનાનું દાન આવ્યું
- સુરતના એક માઇભક્તે ૨૦૦ ગ્રામ સોનાનું દાન કર્યું જેની કિંમત ૯૩૧૦૦૦ રૂપિયા છે
- સુરતના માઇભક્તે ૫૦ ગ્રામ સોનાનું દાન કર્યું જેની કિંમત ૨૬૦૦૦ રૂપિયા છે
- બરોડાના માઇભક્તે ચાંદીનું છત્ર માતાજીને દાન કર્યું, ૧૮૫ ગ્રામ ચાંદીનું છત્ર જેની કિંમત ૧૦૨૧૯ રૂપિયા

નવા વર્ષની શરૂઆત સૂર્યગ્રહણ સાથે થશે

ઓકટોબર મહિનો નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા તિથિ-તહેવારોને કારણે ખૂબ જ ખાસ છે, પરંતુ આ તહેવારો સાથે જ આ મહિનામાં સૂર્યગ્રહણ પણ થવાનું છે. દિવાળી (૨૪ ઓક્ટોબર)ના બીજા દિવસે ગોવર્ધન પૂજા થાય છે, પરંતુ આ વખતે ૨૫ ઓક્ટોબરે આંશિક સૂર્યગ્રહણ થશે, આ કારણે ગોવર્ધન પૂજા ૨૬ ઓક્ટોબરે કરવામાં આવશે. આ ચંદ્રગ્રહણ એશિયા, ઓસ્ટ્રેલિયા, પ્રશાંત મહાસાગર અને અમેરિકામાં જોવા મળશે.

મેંદરડામાં ચાર દાયકા જુની ગરબીમાં રાસની રમઝટ

(પ્રતિનિધિ દ્વારા)

મેંદરડા તા.૫

મેંદરડાના કિષ્નાનગર સોસાયટીમાં ચાલતી પ્રાચીન ગરબીની ૧૯૮૪માં સ્થાપના થઈ હતી. ત્યારથી લઈ આજે ૩૯ વર્ષથી ફકત નાની બાળાઓ દ્વારા હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરે તેવા રાસ-ગરબા રજુ કરે છે. આ ગરબી મંડળના સંચાલક પરસોતમભાઈ ઢેબરીયા, નવનીત ગરાળા, ખોડીદાસ ગજજર, મયુર ગાજીપરા, કિશોર રાખોલીયા, હિતેષ ગરાળા, પંકજ દુધાત્રા, નંદરામ નરેન્દ્ર સોજીત્રા, અશોક દુધાત્રા અને તેની સમગ્ર ટીમ દ્વારા બાળાઓને લ્હાણી, ઈનામ વિતરણ કરવામાં આવે છે. આ પ્રાચીન ગરબીમાં ખાખી મઢી રામજી મંદિરના મહંત પૂ.સુખરામદાસજી બાપુએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

દેશ કે રાજ્યની સુરક્ષાને ખતરારૂપ કોઈપણ પ્રવૃતિ ચલાવી લેવાશે નહીં : રેન્જ ડીઆઈજી સંદીપ સિંગ

યાત્રાધામ બેટ દ્વારકામાં ચાલતા ઓપરેશન મેગા ડિમોલેશનની કાર્યવાહી વધુ બે દિવસ લંબાવાઈ

યાત્રાધામ બેટ દ્વારકા ચાલતા ઓપરેશન મેગા ડિમોલેશનની કાર્યવાહીનું એપી સેન્ટરનું કેન્દ્ર સરકારી જમીન જે ત્રણ અલગ-અલગ સર્વે નંબરની જગ્યાઓ ઉપર એક જ નામના બિન અધિકૃત ઊભા કરાયેલા ધર્મ સ્થાનો

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૫

યાત્રાધામ બેટ-દ્વારકામાં ચાલતા ઓપરેશન મેગા ડિમોલેશનની કામગીરી દરમ્યાન સ્ફોટક વિગતો બહાર આવતા આ કામગીરી વધુ એક દિવસ લંબાવી ચાલુ રાખ્યા બાદ રાજકોટ રેન્જ ડી.આઈ.જી. સંદીપકુમાર સ્થળ નિરીક્ષણ અર્થે દોડી આવ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કેન્દ્ર-રાજ્ય સરકારની સુરક્ષાને ખતરારૂપ કોઈપણ કાર્યવાહી ચલાવી લેવામાં આવેશે નહીં તેવી સ્પષ્ટ ચીમકી જાહેરમાં દેશદ્રોહી તત્વોને આપ્યા બાદ વધુમાં તેમણે જણાવેલ કે, રાજયને ૧૭૦૦ કિમીનો લાંબો સમુદ્ર કિનારો રાજ્ય દેશના વિકાસ માટે કુદરતે આપ્યો છે પણ સાથે સાથે કુદરતે પાકિસ્તાન સાથે જળ સરહદીય વિસ્તાર પણ બનાવેલ છે ત્યારે આ કિનારાનો કોઈ દેશદ્રોહી તત્વો કોઈપણ પ્રકારે દૂર ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે તેમને કોઈપણ રીતે બક્ષવામાં આવશે નહીં અને તેમને દેશમાં અમલી કાયદાઓ અન્વયે કાર્યવાહી કરતાં કોઈ તાકાત તંત્રને રોકી શકશે નહીં તે આ ત્રણ દિવસના મેગા ડિમોલેશન ઓપરેશન અંતર્ગત મીડિયા દ્વારા પ્રજાને તંત્રની કામગીરી દ્વારા દર્શાવેલ છે ત્યારે હજુ પણ જરૂર જણાશે સમયે સમયે કાયદો કાયદાનું કામ કરશે જ અને તેમાં પ્રજાજનોનો પણ તેટલો સાથ જરૂરી છે. દરમ્યાન બહાર આવેલ વિગતો મુજબ યાત્રાધામ બેટ-દ્વારકા ચાર દિવસથી ચાલતા બિન અધિકૃત પાકા બાંધકામ સ્વરૂપના બંગલા જેવા માકાનો-ગોડાઉન અને ભવિષ્યમાં ઊભા કરવા માટે બનાવાયેલા કમ્પાઉન્ડ વોલ સ્વરૂપના બાંધકામોને તંત્ર દ્વારા ઓપરેશન મેગા ડિમોલેશન અંતર્ગત દૂર કરવાની કામગીરીના એપી સેન્ટર જેવું કેન્દ્ર ફક્ત અને ફક્ત એક જ નામના ત્રણ ધાર્મિક સ્થાનો ગામની અલગ-અલગ સર્વે નંબરની જમીનો ઉપર ઊભા કરવામાં આવ્યાની શક્યતા પણ

હવે નકારી શક્તી નથી. જે અંગે બહાર આવતી ઓફ ધ રેકોર્ડ માહિતી અને પ્રજાજનોમાં ચાલતી ચર્ચા મુજબ યાત્રાધામ બેટ-દ્વારકામાં મેગા ડિમોલેશનના ચોથાદિવસે સવારથી તંત્ર દ્વારા બજારમાંથી દૂધ-શાકભાજી ખરીદ કરવા આવેલ પ્રજાને પોત-પોતાની જીવન જરૂરિયાતનો સમાન ખરીદ કરી તાત્કાલિક ઘરે ચાલ્યા જવાની અને યાત્રિકો માટેની ઓખા-બેટ ફેરી સર્વિસની બોટો બંધ કરાવી કોઈ અન્છીનીય બનાવ ના બને તે માટે ચુસ્ત સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી અઘોષીત કર્ફ્યુનો માહોલ ઊભો કરવામાં આવ્યા બાદ આજ નવા બની રહેલા સિગ્નેચર બ્રિજના રસ્તા આસપાસના ગૌચરની જમીન અને સરકારી અલગ-અલગ સર્વે નંબરની જમીનો ઉપરના પાકા બાંધકામને દૂર કરવામાં આવ્યા છે. હજુ આ વિસ્તારમાં અવરોધ રૂપ ધાર્મિક સ્થળના નામે બિન અધિકૃત જમીન દબાણ પણ હટાવી ભવિષ્યમાં સિગ્નેચર બ્રિજ ઉપરથી પ્રવેશ મેળવતા વાહનોને આવન-જાવનમાં ટ્રાફિકનો પ્રશ્ન ના ઊભો થાય તે માટે હટાવવાની કાર્યવાહી સાથે અન્ય સ્થળો ઉપર પણ ફક્ત ધાર્મિક સ્થળના બહાને જ્યાં ત્યાં કરાયેલા બિન અધિકૃત બાંધકામો સ્વૈછિક અન્યથા તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યાનું બહાર આવેલ છે. જ્યારે આ કાર્યવાહી અગાઉના પ્લાનિંગ મુજબ ત્રણ દિવસના બદલે હજુ વધુ બે દિવસ માટે વધારવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર-રાજ્ય સરકાર દ્વારા આ યાત્રાધામને અન્ય યાત્રાધામની માફક હજારો કરોડ રૂપિયાના ખર્ચ સાથે આઈલેન્ડ ટ્યુરિઝમ સેન્ટર બનાવવાના અને મંદિર પરિશરમાં જ યાત્રિકોની અલગ અલગ પ્રકારની સુવિધાઓ ઊભી કરવા સાથે સી-એડવેન્ચર રમતો માટે વોટર સ્પોર્ટ સંકૂલ-મરીન નેશનલ પાર્કનો વિકાસ- આઈલેન્ડ હોલી ડે હોમ-સમુદ્ર કિનારા ઉપર બીચ બનાવવાની યોજનાની મંજૂરી પણ અંતિમ તબક્કામાં છે. ત્યારે આ બિન અધિકૃત બાંધકામો આ યોજનાને ખોટા કાયદાકીય પ્રશ્નો ઊભા કરી ખોરંભે ના પાડે તે માટે આ કાર્યવાહી જરૂરી હોવાનું ખુદ ગ્રામજનો સ્વીકારી પણ હવે રહ્યા છે. ત્યારે આ મેગા ડિમોલેશન ઓપરેશન પી.એફ.આઈ.ના કનેક્શનના કારણે નહીં પરંતુ સમુદ્ર કિનારા અને ગામમાં અલગ અલગ સ્થળો ઉપર સરકારી ખુલ્લી જમીનો-ગૌચરની જમીનો ઉપર કરવામાં આવ્યા હોય તેમને જ દૂર કરવામાં આવ્યાનું અને કાયદેસરના માલિકી હક્ક ધરાવતી કોઈપણ મિલકતને દૂર કરવામાં ના આવ્યાનું તંત્ર દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. જ્યારે આ અંગે માહિતી આપતા ડી.આઈ.જી. સંદીપ સિંગ દ્વારા આપવામાં આવેલ આંકડાકીય માહિતી મુજબ આશરે એલ લાખ ચોરસ ફૂટ જમીન કે જે અંદાજિત રૂપિયા પાંચ કરોડની થાય છે તેને ખુલ્લી કરવામાં આવેલ છે. બીજી બાજુ આ દબાણો સમુદ્ર કિનારા ઉપર અને ધાર્મિક સ્થળોના નામે પણ બહુ મોટા પ્રમાણમાં બાંધકામો થયા હોવાનું તંત્રના ધ્યાન ઉપર આવ્યા બાદ આ અંગેની કાયદાકીય અને ઉચ્ચ કક્ષાની મંજૂરી મેળવી કોઈ ખોટી અ ઘટિત ઘટના ના બને અને તંત્રને પણ બદનામ થવાનું ના આવે તે ધ્યાન ઉપર લઈ ઓફિસમાં બેઠા બેઠા આ પ્રશ્નો અંગે ગંભીર ચર્ચા-વિચારણાના અંતે સર્વે સરકારી તંત્રને સાથે રાખી આ ઓપરેશન પૂર્ણ કરવામાં આવેલ હોવાનું બહાર આવેલ છે. આ ઓપરેશન મેગા ડિમોલેશન ચાલુ કર્યા બાદ તંત્ર દ્વારા જે તે બિન અધિકૃત બાંધકામ દૂર કરાયા બાદ તેનો કાટમાળ જે તે સ્થળ ઉપર હાલ પડ્યો છે તેને ત્યાંથી હટાવવો બહુ જરૂરી જણાય છે અન્યથા ''જુગાડ'' કરવામાં હોંશિયાર પ્રજા ફરીને આજ કાટમાળમાંથી નવું બિન અધિકૃત બાંધકામ ના કરી નાખે તે પણ તંત્રે હવે ધ્યાન ઉપર લેવું પડશે તેમ ખુદ ગ્રામજનો જણાવી રહ્યા છે. ત્યારે ઓપરેશન મેગા ડિમોલેશનના દિવસે નગરપાલિકા દ્વારા આશરે રૂપિયા બે રોડ-રસ્તા-પીવાનું પાણી પૂરૂ પાડવાના વિકાસના કામોનું ખાતમુર્હુત રાખવામાં આવેલ તે પણ મૂલતવી રાખ્યા બાદ હવે આ રકમ ખુલ્લી કરાયેલ જમીન ઉપર ફરી દબાણ ના થાય તે માટે તેને સુરક્ષિત કરવામાં વપરાય તેવું પ્રજા ઈચ્છી રહી છે સાથે સાથે આ બિન અધિકૃત બાંધકામો કોઈપણ પ્રકારે કોઈપણ ના ધ્યાન વગર નહીં પણ જે તેની મિલીભગતથી થયા છે અને તે કારણે આ વિસ્તારમાં તેમને જરૂરી સુવિધાઓ પણ કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ દ્વારા આપવામાં આવેલ છે ત્યારે તે અંગેના જે તે જવાબદારો સામે પણ પગલા ભરવામાં આવે તેવી માંગણી પ્રજામાં ઉઠવા પામેલ છે. જો આવા બાંધકામો દૂર કરવા માટેનું પણ ઓપરેશન મેગા ડિમોલેશન કરવામાં આવે તો આ કાર્યવાહી લગભગ ત્રણેક વર્ષ ચાલે તેટલા મોટા પ્રમાણમાં બાંધકામ તાલુકામાં થયા હોવાનું પ્રજામાં ખુલ્લે આમ ચર્ચાય છે. ત્યારે આ પ્રશ્ન પણ હવે પ્રજામાં તંત્રને પૂછવામાં આવી રહ્યો છે કે, આ અંગે આગળ શું ? ત્યારે ફક્ત પોલીસના ધાડા ઉતારી કોઈ આંતકવાદીને પકડવાની કાર્યવાહી જેવો માહોલ ઊભો કરી કરાતી આ કાર્યવાહી પાછળ પ્રજાનો આ મોટો પ્રશ્ન પણ હાલ નિકાલ વગરનો હવામાં ઊડી રહ્યો છે તે પણ સત્ય હકિકત ધ્યાન ઉપર આવેલ છે. (તસ્વીર : રાકેશ સામાણી)

આવતીકાલે ગુરૂવારે જૂનાગઢમાં કડવા પાટીદારોનું મહાસંમેલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં ગુરૂવાર ૬ ઓકટોબરના બાયપાસ સ્થિત ફળદુવાડીમાં સાંજના ૪:૩૦ કલાકે કડવા પાટીદારોનું સામાજીક મહાસંમેલન યોજાશે. શ્રી ઉમિયા માતાજી મંદિર- સિદસર અને શ્રી ઉમિયા માતાજી મંદિર-ગાંઠીલાના સંયુક્ત ઉપક્રમે યોજાનાર સંમેલનમાં જૂનાગઢ અને ગિર સોમનાથ જિલ્લાના ૨૫,૦૦૦થી વધુ કડવા પાટીદારોની ઉપસ્થિતી રહેશે. ખાસ કરીને હાલના સમયમાં વિકાસની દોડ થઈ રહી છે ત્યારે સમાજની પ્રગતિનો રોડમેપ તૈયાર કરવા આ સંમેલન યોજાશે. આ સંમેલનમાં ઉમિયા માતાજી મંદિર-ગાંઠીલાના પ્રમુખ વાલજીભાઈ ફળદુ અને શ્રી ઉમિયા માતાજી મંદિર- સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયાની પ્રેરક ઉપસ્થિતી રહેશે. સામાજીક મહાસંમેલન પૂર્ણ થયા બાદ માં ઉમિયાની સહસ્ત્રદિપ મહાઆરતી થશે અને બાદમાં ઉમાપ્રસાદ(ભોજન)નો કાર્યક્રમ પણ યોજાશે તેમ ઉમિયા પરિવાર સંગઠન સમિતીના પ્રમુખ મુકુંદભાઈ હિરપરા અને મંત્રી મહેન્દ્રભાઈ કાલરીયાએ જણાવ્યું હતું. આ કાર્યક્રમને લઈને જ્ઞાતિના અગ્રણીઓ નિલેશભાઈ ધૂલેશીયા, સંજયભાઈ કોરડીયા, વાલજીભાઈ ફળદુ, મુકુંદભાઈ હિરપરા,ચેતનભાઈ ફળદુ, રાકેશભાઈ ધુલેશીયા વગેરેએ ફળદુવાડીમાં વિગતો આપી હતી. આરોગ્ય રથ શરૂ કરવામાં આવશે જે દરેક ગામોમાં જઈ માત્ર કડવા પાટીદારોને જ નહિ તમામ જ્ઞાતિના ગ્રામજનોની ફ્રિમાં આરોગ્યની ચકાસણી, દવા વિતરણની સેવા પુરી પાડશે. સાથે કળશ યોજના બહાર પડાશે જેમાં ઘરની દરેક વ્યક્તિ, વ્યક્તિ દિઠ દરરોજ ૧ રૂપિયા લેખે પૈસા ભેગા કરશે. સૌરાષ્ટ્રમાં ૧,૫૦,૦૦૦ પરિવારો છે જેના થકી એકઠી થનાર આવક સમાજ સેવાના કાર્યમાં વપરાશે. કડવા પાટીદાર સમાજના ૭૫૦ પરિવારો એવા છે કે જેની આવક ઝીરો છે. આવા પરિવારોને ઉંજા મંદિર ૫૦૦, સિદસર મંદિર ૫૦૦ અને માનવ સેવા ટ્રસ્ટ ૫૦૦ આપે છે. જયારે કળશ યોજના દ્વારા થયેલ આવક દ્વારા વધારાની આર્થિક મદદ કરાશે. આ ઉપરાંત યુબી કાર્ડ અમલમાં આવશે જેનું ૫૦૦ કંપની સાથે ટાઈઅપ હશે. પરિણામે જે જ્ઞાતિજનો સભ્ય હશે તેને બાઈક, કપડાં, ખેતીના સાધનો વગેરે વિવિધ ખરીદીમાં ડિસ્કાઉન્ટ મળશે. આમ, જ્ઞાતિજનો વાર્ષિક ૨૦થી ૨૫,૦૦૦ની બચત કરી શકશે. આ સંમેલનમાં કોઈ રાજકીય ચર્ચા નહિ કરાય. સ્ટેજ ઉપર પણ માત્ર બન્ને મંદિરના પ્રમુખો જ બેસશે. સંમેલનમાં ઉપસ્થિત તમામ લોકો ઉપર પુષ્પવૃષ્ટિ થશે. જેને પરિવારમાં માત્ર એકજ દિકરી છે તેના હાથે દિપ પ્રાગટ્ય કરી સંમેલનને ખુલ્લું મુકાશે. ઉદ્યોગપતિઓ પોતાના ધંધા, રોજગાર બંધ રાખશે જેથી મોટી સંખ્યમાં જ્ઞાતિજનો જોડાશે. સૌપ્રથમ કડીવા પાટીદારોએ જ્ઞાતિ આધારિત ગરબી કરી હતી. બાદમાં હવે લગભગ તમામ જ્ઞાતિઓ માત્ર જ્ઞાતિ આધારિત ગરબી કરતા થયા છે. હાલ મળનાર મહા સંમેલનનો હેતુ સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનો છે. સાથે સાચી વાત સારી રીતે સરકારમાં રજૂ કરી શકે તેવા યુવાનોને તૈયાર કરાશે જેથી યુવાનોમાં રાજકિય પરિપકવતા આવે. જ્ઞાતિના કુરિવાજોને દૂર કરવા, શૈક્ષણિક તેમજ રાજકીય ક્ષેત્રે પણ સમાજ આગળ આવે તે માટે પ્રયાસ કરાશે. જૂનાગઢ અને ગિરસોમનાથના ૧૪૨ ગામોમાં કડવા પાટીદારોના ઘરે ઘરે જઈને આમંત્રણ પત્રિકા પહોંચાડાઈ છે. કોર કમિટીમાં કોઈ પક્ષાપક્ષી નથી. ૨૫,૦૦૦થી વધુ લોકો માટે સમુહ ભોજન અને મહા સંમેલનને લઈ ૧૫ જેટલી સમિતી બનાવાઈ છે.

કોંગ્રેસનાં ધારાસભ્ય હર્ષદ રીબડીયાનું રાજીનામું દશેરા પછી ભાજપમાં જોડાઈ તેવી સંભાવના

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો દ્વારા એક તરફ ચૂંટણીલક્ષી કાર્યક્રમો જારી કરવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ પક્ષમાંથી રાજીનામું આપવાનાં બનાવો પણ

બની રહ્યા છે. દરમ્યાન કોંગ્રેસમાંથી અશ્વિન કોટવાલે ખેડબ્રહ્માનાં એમએલ પદેથી રાજીનામું આપી ભાજપમાં ભળી જવાનાં ૬ મહિને વધુ એક વિકટે પડી છે. જેમાં વિસાવદરનાં કોંગ્રેસનાં ધારાસભ્ય કે જેઓ છેલ્લા બે ટર્મથી ચૂંટાઈ આવે છે તે હર્ષદ રીબાડીયાએ ગઈકાલે મોડી સાંજે વિધાનસભા અધ્યક્ષ નિમાબેન આચાર્યને રાજીનામું આપી દીધુ હતું અને જેનો સ્વિકાર પણ કરવામાં આવેલ છે.

જૂનાગઢ : ગ્રામ પંચાયતના પટ્ટાવાળા સંગઠને પોતાની માંગ મુદ્દે કરી રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

તાજેતરમાં વિવિધ સરકારી કર્મચારીઓ દ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ગ્રામ પંચાયતના પટાવાળાઓ પણ હવે મેદાને ઉતર્યા છે. આ મામલે ગ્રામ પંચાયત પટાવાળા સંગઠન દ્વારાજણાવવામાં આવ્યું હતું કે, દરેક ગ્રામપંચાયતના પટાવાળાઓ જે પોતાની નિષ્ઠાથી નજીવા દરે ફરજ નિભાવે છે તેની સરકારને પણ જાણ હોવા છતાં દરેકવખતે લઘુતમ વેતન માટેના પરીપત્રો, હૂકમો ફરી ગ્રામપંચાયતોને સુચના આપવા છતાં ગ્રામપંચાયત લેવી કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરી પગાર આપવામાં આવતો નથી અને માત્રને માત્ર શોષણ કરવામાં આવે છે. તો ગ્રામપંચાયત પાસે પોતાનું સ્વભંડોળ ન હોવાના બહાના કાઢી પગારથી વંચીત રાખેલ છે જે અંતર્ગત જૂનાગઢ પંથકના પટાવાળાઓએ કલેકટર અને ડીડીઓને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

(તસ્વીર : પ્રતિક પંડયા)

જૂનાગઢ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં નવરાત્રી મહોત્સવમાં વન્ય પ્રાણીઓનાં બચાવ માટે લોક જાગૃતિ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા કૈલાસ ફાર્મ ખાતે નવરાત્રી મહોસ્ત્વમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે ગરબી લોકો સુધી વન અને વન્ય પ્રાણીઓનાં બચાવ માટે લોક જાગૃતિનો કાર્યક્રમ યોજી દક્ષીણ રેન્જનાં આરએફઓ અરવિંદ



ભાલીયા, ફોરેસ્ટર બી.એ. શીલુ સહિતનાંએ વન્ય લોક જાગૃતિનો સંદેશો આપતા તસ્વીરમાં નજરે પડે છે.

જૂનાગઢમાં ક્રિષ્ના જ્વેલર્સ દ્વારા આકર્ષક સ્કીમ, સોનાનાં ભાવમાં ડીસ્કાઉન્ટ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં છેલ્લા ૨૦ વર્ષથી શોરૂમ ધરાવતા ક્રિષ્ના જ્વેલર્સ દ્વારા ૨૦ વર્ષ પૂર્ણ કર્યાની એનીવર્સરી નિમિતે ગ્રાહકો માટે આકર્ષક સ્કીમ રાખી છે. મોટી મારડ વાળા પાટડીયા ગ્રુપનાં પ્રો. બટુકભાઈ પાટડીયાનાં સંચાલન વાળી પેઢી શ્રી ક્રિષ્ના જ્વેલર્સનો શોરૂમ આસ્થા પ્લસ કોમ્પેલેક્ષ, સરદારબાગ પાસે આવેલ છે અને સોનાની ખરીદી માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ છે. ત્યારે ૨૦ વર્ષની સફળતાનાં મંગળ પ્રવેશ નિમિતે દશેરાથી દિવાળી સુધી સોનાની ખરીદી ઉપર આકર્ષક વળતરની યોજના જારી કરવામાં આવેલ છે. મજુરીમાં નહી પરંતુ સોનાનાં ભાવમાં મહાબચતની આ યોજના અંગે વધુ માહિતી માટે તેમનાં શોરૂમની મુલાકાત લેવા નિમંત્રણ પાઠવેલ છે. તેમજ દરરોજ સોનાનાં ભાવ જાણવા માટે HI લખી વ્હોટસેપ ૯૯૨૫૫૭૮૧૫૫ ઉપર મોકલવા જણાવેલ છે.

સાળંગપુરમાં હનુમાનજી દાદાને દિવ્ય આયુધો ધરાવી વાઘાનો શણગાર

સાળંગપુર તા.૫

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે વિજયાદશમી નિમિત્તે હનુમાનજી દાદાને દિવ્ય વાઘાનો શ્રૃંગાર કરવામાં આવેલ તથા ગદા, ધનુષ્ય બાણ, તલવાર વિગેરે દિવ્ય આયુધો ધરાવી શણગાર આરતી કરવામાં આવી હતી.

જૂનાગઢ જીલ્લો પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર ૧૧૬૮૮ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી

જીલ્લામાં ૧૬૮૭૪ એકરમાં મગફળી સહિતના પાકોનું પ્રાકૃતિક ઢબે થતું ઉત્પાદન

જૂનાગઢ, તા.૫

રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રાકૃતિક ખેતીના ચલાવવામાં આવી રહેલા અભિયાનને સફળતા મળી રહી છે. રાજ્ય સરકારે પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. ઉપરાંત પ્રાકૃતિક ખેતીને વધુ બળ મળે તે માટે ગત બજેટમાં પ્રાકૃતિક ખેતી માટે એક બોર્ડની રચના કરવાની પણ જાહેરાત કરી છે. જૂનાગઢ જિલ્લામાં ૧૧૬૮૮ ખેડૂતોએ ૧૬૮૭૪ એકરમાં મગફળી સહિતના પાકોનું પ્રાકૃતિક ઢબે ઉત્પાદન કરી રહ્યા છે. જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં જોડાઈ અને પ્રાકૃતિક કૃષિ મારફત આર્થિક ઉપાર્જન મેળવતા થાય તે માટે સમયાંતરે ખેડૂતો માટે માર્ગદર્શન તાલીમ યોજવામાં આવે છે. જેમાં આત્મા પ્રોજેક્ટ, ખેડૂત તાલીમ કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિસ્તરણ તંત્ર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેનું તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. જેના જૂનાગઢ જિલ્લામાં સારા પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીઅને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહવાન કરતાં રહે છે. જેને ખેડૂતો સ્વીકારી રહ્યા છે.

અમરાપુર ગામે આર્થિક સંકડામણથી યુવાને આપઘાત કર્યો

જૂનાગઢ તા.૫

માળીયા હાટીના તાલુકાનાં અમરાપુર ગામે રહેતા રાજુભાઈ અરજણભાઈ ચાવડા(ઉ.વ.૨૫)એ ખેતીની જમીન ઉપર બેંકમાંથી લોન લીધેલ હોય તેમજ હીરાનો ધંધો બરાબર ચાલતો નહોય તેથી આર્થિક સંકડામણને કારણે પોતે ઘણા સમયથી માનસીક તણાવમાં રહેતા હોય અને પોતાની વાડીએ ખડમાં છાંટવાની ઝેરી દવા પી જતા તેનું મૃત્યુ થયું છે.

અવાસન નોંધ

રાજકોટ : ગુર્જર સુતાર જ્ઞાતિ જામજોધપુરનાં પ્રમુખ હાલ રાજકોટ ભનુભાઈ મોહનભાઈ બકરાણીયા(ઉ.વ.૮૨) તે ભાનુબેનનાં પતિ, અતુલભાઈ, ચંદ્રીકાબેન પ્રદિપભાઈ કરગથરા તથા નીલુબેન યજ્ઞેશકુમાર દુદકીયાનાં પિતા, રિષિત, ધાર્મીના દાદા, કાંતિભાઈ(જામનગર), રતિભાઈ(ઉપલેટા)નાં મોટાભાઈ, સ્વ. વિઠ્ઠલભાઈ ઠાકરશીભાઈ આમરણીયાનાં જમાઈ મનસુખભાઈ, પ્રવિણભાઈ(જૂનાગઢ)નાં બનેવી, પન્નાબેન અતુલભાઈ તથા શ્રીગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટનાં મંત્રી પ્રદિપભાઈ કરગથરા, સ્વ. યજ્ઞેશકુમારનાં સસરાનું દુઃખદ અવસાન તા.૧ નાં રોજ શનિવારે થયેલ છે. બેસણું તા.૬ ગુરૂવારે બપોરે ૪:૩૦ થી ૬ વાગ્યા સુધી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ૭/૧૦ ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ રાખેલ છે.

સૌરાષ્ટ્રના ખેતીવાડીખાતાનાં અધિકારીઓ માટે રવિ પૂર્વ મોસમી તાલીમ વર્ગ યોજાયો

જૂનાગઢ,તા.૫

જૂનાગઢ કૃષિયુનિવર્સિટી ખાતે તાલીમ અને મુલાકાત યોજનાં અંતર્ગત તા.૩/૧૦/૨૦૨૨ના રોજ રવિ પૂર્વ મૌસમી તાલીમ કાર્યશાળા કુલપતિ ડો.વી.પી. ચોવટીયાના માર્ગદર્શન હેઠળયોજવા આવી હતી. આ પ્રસંગે કૃષિયુનિવર્સિટીનાં વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.એમ.ગાજીપરા એ શાબ્દીક સ્વાગત કરી કાર્યશાળાની ઉપયોગીતા તથા આગામી રવી સીઝનમાં વાવેતર થનાર પાકો વિશે માહિતિ આપી હતી. આ તાલીમ કાર્યશાળામાં સૌરાષ્ટ્રના ખેતીવાડી ખાતાના સંયુક્ત નિયામક એસ. કે. જોષી અને એમ. એમ. કાસુન્દ્રા સહિત વિવિધ જીલ્લાઓના જીલ્લા ખેતીવાડી અધિકારીઓ, નાયબ ખેતી નિયામકઓ, મદદનીશ ખેતી નિયામકો તથા ખેતી અધિકારીઓ મળીને કુલ ૩૫ જેટલા અધિકારીઓ હાજર રહયા હતા. તાલીમ કાર્યક્રમમાં વૈજ્ઞાનીકો કે જેમાં ઘઉં વિભાગ માંથી ડો.એ.જી.પાનસુરીયા, બાગાયત વિભાગમાંથી ડો. કે. એમ.કારેથા, કઠોળ વિભાગમાંથી ડો.આર.એમ.જાવિયા, વનસ્પતિ રોગ શાસ્ત્ર વિભાગમાંથી ડો.એસ.વી.લાઠીયા અને કિટક શાસ્ત્રવિભાગમાંથી ડો.એમ.એફ. આચાર્યએ વિષયને અનુરૂપતાંત્રીક માર્ગદર્શન આપ્યું હતું.

માંગરોળ પોલીસની જાહેર જનતાને અપીલ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળ શહેરની જનતાને જણાવવામાં આવે છે કે, સોશ્યલ મીડીયામાં અલગ-અલગ ગ્રુપમાં અમુક મેસેજ, ફોટો, વિડીયો, પોસ્ટ વાયરલ કરવામાં આવેલ છે. જેમાં કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવા પ્રયાસો કરવામા આવી રહ્યા છે તેવું ધ્યાને આવેલ છે. જેથી માંગરોળ શહેર વિસ્તારમાં કાયદો, વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે તે માંગરોળ પો.સ્ટે. વિસ્તારની જાહેર જનતાને અપીલ છે કે, કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ, ફોટો, મેસેજ, વિડીયો જાણ્યા ચકાસ્યા વગર વાયરલ ન કરવી અને આ બાબતે યુવા વર્ગે ખાસ નોંધ લેવી અને તમામ ધર્મના લોકો પોતાના તહેવારો શાંતિથી ઉજવણી કરે અને પરિવાર સાથે શાંતિપુર્ણ માહોલમાં રહે અને કાયદો, વ્યવસ્થા જળવાય રહે તે માંગરોળ પોલીસની જાહેર જનતાને અપીલ છે. જો કોઈપણ આ રીતે સોશ્યલ મીડીયામાં મેસેજ, ફોટો, વિડીયો, પોસ્ટ વાયરલ કરી માંગરોળ શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરશે તો તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેથી તમામ લોકોએ આ બાબતે ખાસ નોંધ લેવા જણાવાયું છે.

માણાવદરના બોડકા ગામે ચારણ નેસ માલધારી વસાહતમાં રૂા.૫ લાખના ખર્ચે રેનબસેરા બનાવાશે

જૂનાગઢ, તા.૫

સરકાર દ્વારા ઘર વિહોણા લોકોને આશ્રયસ્થાન મળી રહે તે માટે શહેરોમાં તો સુવિધાયુકત રેનબશેરા-આશ્રયસ્થાનો બનાવ્યા જ છે. જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા જૂનાગઢ શહેરમાં ચાર શેલ્ટરહોમ ચાલી રહયા છે. ત્યારે ગ્રામ્ય કે જંગલ વિસ્તારના લોકો માટે પણ સરકાર દ્વારા આશ્રયસ્થાનોનું નિર્માણ કાર્ય થઈ રહયુ છે. માણાવદર તાલુકાના બોડકા ગામે ચારણ નેસ માલધારી વસાહતમાં રેન બસેરા બનાવવા છે. રૂા. ૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર આ રેન બસેરામાં કુદરતી આપત્તિઓ કે અન્ય મુશ્કેલીના સમયમાં લોકોના નિવાસ માટે ઉપયોગ કરી શકાશે. તેમજ જરૂરિયાત અનુસાર જન સુવિધા માટે આ રેનબસેરાનો ઉપયોગ કરી શકાશે.

બાંધકામ ખાતાનાં કર્મચારીઓની ધિરાણ / ગ્રાહક સહકારી મંડળી લી.

શીખર કોમ્પ્લેક્ષ, શોપ નં.૨૦૬, જૂનાગઢ

આથી આ મંડળીના તમામ સભ્યો તથા વારસદારોને અનુલક્ષીને આ છેલ્લી જાહેરાત છે. મંડળીમાંથી મેળવેલ ધિરાણની બાકી રકમ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦માં ઉપરનાં સરનામે ભરપાઈ કરી જવી. અન્યથા આપની અથવા આપના વારસદારો, જામીનની સામે કાયદાકીય કાર્યવાહીની ફરજ પડશે. જેની નોંધ લેવા નમ્ર અરજ છે.

પ્રમુખ
એચ.એમ. ટાંક
મો. ૯૩૭૭૧ ૦૨૦૧૭

મંત્રી
કે.બી. ભટ્ટ
મો. ૯૪૨૯૨ ૧૭૧૧૧

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઓફ લાઇન જાહેર નિવિદા ન. બી-૫/૧૫ સને ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઇજનેરશ્રી, જૂનાગઢ સિંચાઇ વિભાગ, બીમાબાલ. બિલ્ડિંગ, જુની કેન્દ્રીય વિદ્યાલય, વંથલી રોડ, જૂનાગઢની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગમાં માન્ય યાદીની "ઇ-૨" અને ઉપરની કેટેગરીમાં નોંધાયેલા ઠેકેદારો ઓફલાઇન ટેન્ડર માંગવામાં આવે છે. સરકારશ્રીના નિયમોનુસાર લેબર વેલફેર સેસ, ઇન્કમટેક્ષ, તથા જી.એસ.ટી. બીલમાંથી કપાત કરવામાં આવશે. આ કામની જરૂરી ટેન્ડર ફી રોકડા ભર્યેથી કોરા ટેન્ડર પેપર ઇસ્યુ કરવામાં આવશે.

વ્રજમી આર.આર.સ્કીમ- એન્યુઅલ મેઇન્ટેનન્સ ઓફ	અંદાજીત રકમ
અર્થન ડેમ એન્ડ એલાઇડ વર્કસ	રૂ.૩૬૧૬૬૭.૮૦

આ કામના કોરા ટેન્ડરો તા.૨૧/૧૦/૨૦૨૨ ૧૮=૦૦ કલાક સુધીમાં આપવાનાં આવશે. ભરેલ ટેન્ડરો પરત સ્વીકારવાની તા.૦૧/૧૧/૨૦૨૨ ૧૮=૦૦ કલાક સુધીમાં ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ મોકલવાના રહેશે. ટેન્ડરો રૂબરૂ, કુરીયર કે સાદી ટપાલથી સ્વીકારવામાં નહીં આવે. ભાવ ભરાયને આવેલ ટેન્ડરો તા.૦૨/૧૧/૨૦૨૨ ના ૧૨-૦૦ કલાકે આ કચેરીમાં ટેન્ડરો ખોલવામાં આવશે. ઠેકેદારે ટેન્ડર સાથે અંદાજીત રકમના એક ટકા મુજબ બાનાની રકમની એફ.ડી.આર. (૧૮૦ દિવસની મુદતવાળી) સ્વરૂપે "કાર્યપાલક ઇજનેરશ્રી, જૂનાગઢ સિંચાઇ વિભાગ, જૂનાગઢ" ના નામની જોડવાની રહેશે. બાનાની રકમની એફ.ડી.આર. વગરના ટેન્ડરો અમાન્ય ગણાશે. વધુ વિગતો માહીતી ખાતાની વેબસાઇટ "www.statetenders.gujarat.gov.in" પર મળશે.

માહિતી/જૂના/૬૫૭/૨૦૨૨

આવતીકાલથી પાવનકારી જગ્યા ઉપલા દાતાર ખાતે મહાપર્વ ઉર્ષનો પ્રારંભ

રાત્રીનાં દાતારબાપુનાં અલભ્ય આભૂષણોની ચંદન વિધી થશે: રવિવારે પૂર્ણાહુતી : પૂજય ભીમબાપુનાં સાંનિધ્યમાં તૈયારી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

કોમી એકતાનાં પ્રતિક એવા જૂનાગઢ નજીક આવેલા ઉપલા દાતારની જગ્યા ખાતે આવતીકાલ તા.૬ને ગુરૂવારથી ઉપલા દાતારબાપુનું મહાપર્વ ઉર્ષની ઉજવણીનો પ્રારંભ થનાર છે. જેમાં આવતીકાલે રાત્રીનાં પૂજય દાતારબાપુનાં અલભ્ય આભૂષણોની ચંદન વિધી કરવામાં આવશે. વર્ષમાં એક વાર દાતારબાપુનાં આ આભૂષણોને ગુફામાંથી બહાર કાઢી ગંગાજળ, ગુલાબજળથી સ્નાન કરાવી અને ચંદન લગાવવામાં આવે છે. ત્યારે દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. તા.૭ને શુક્રવાર આરામનો દિવસ અને તા.૮ને શનિવારે રાત્રે મહેંદી દિપમાળામાં દાતારની ટેકરી દિપમાળાથી ઝળહળી ઉઠશે અને તા.૯ને રવિવારનાં રોજ ધુપ-લોબાન સાથે આ ચાર દિવસીય મહાપર્વ ઉર્ષની પૂર્ણાહુતી થશે. આ ચાર દિવસીય ઉર્ષ દરમ્યાન ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા મહંત પૂજય ભીમબાપુ ગુરૂશ્રી પટેલબાપુએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં દશેરા પર્વની ઉજવણી : ફરસાણ-મીઠાઈની ધૂમ ખરીદી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

દશેરા વિજયા દશમી પર્વની આજે સૌરાષ્ટ્રભરમાં ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. દશેરાનાં પર્વ પ્રસંગે આજે જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલી ફરસાણ, મીઠાઈની દુકાનો અને સ્વીટમાર્ટોમાં ફરસાણની તેમજ મીઠાઈની વિવિધ વેરાઈટીઓની લોકો ખરીદી કરી રહ્યા છે અને દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. શકિતની આરાધનનાં પર્વ એવા નવરાત્રી પર્વની ઉત્સાહભેર-ઉમંગભેર અને ભકિતમય રીતે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ઉજવણી સંપન્ન થઈ છે. ગઈકાલે નવમાં નોરતે ભકિતભાવ પૂર્વક માતાજીનાં ગરબા લેવાયા બાદ નવરાત્રી મહોત્સવને પૂર્ણ કરવામાં આવેલ છે. આજે અને આવતીકાલે ગરબા પધરાવવા(વિર્સજન) કરવામાં આવનાર છે. કેટલાક સ્થળોએ હજુ પણ પૂનમનાં દિવસે રાસ-ગરબાનાં કાર્યક્રમો યોજાતા હોય છે. બીજી તરફ નવારાત્રીનાં નવ દિવસો પૂર્ણ થયા બાદ દશેરા વિજયા દશમીનું પર્વ મનાવવામાં આવતું હોય છે. વનવાસ દરમ્યાન ભગવાન શ્રી રામચંદ્રજીએ વિજય દશમીનાં દિવસે રાવણરૂપી આશુરી શકિતનો નાશ કર્યો હતો અને તે દિવસની યાદમાં પરંપરાથી દશેરા પર્વ મનાવવામાં આવે છે. આજે જૂનાગઢમાં તેમજ અન્ય શહેરોમાં શસ્ત્ર પૂજન તેમજ રાવણ દહનનાં કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. દશેરા પર્વ એટલે હસી-ખુશી અને આનંદ ઉત્સવનું પર્વ મનાય છે. આ પર્વની વિશેષતા એ છે કે, નવ દિવસ સુધી માતાજીનાં ગરબા ગાયા બાદ, પૂજા કર્યા બાદ દશેરાનાં દિવસે ગરબો પધરાવવાનાં મુર્હુત હોય ત્યારે ગરબામાં મીઠાઈ મુકવાનું ચાલ્યું આવે છે આ ઉપરાંત આનંદ-ઉત્સાહનો આ તહેવાર હોય, લોકોમાં ઘરે-ઘરે ફરસાણ અને મીઠાઈ લેવામાં આવતી હોય છે. દશેરા પર્વને અનુલક્ષીને જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મીઠાઈ અને ફરસાણનાં વેપારીઓ દ્વારા અવનવી મીઠાઈઓ જેમ કે, કાજુકતરી, મોહનથાળ, મેસુબ, બરફી, પેંડા, કેસર પેંડા તેમજ મલાઈની જુદી-જુદી વેરાયળી, બાસુંદી સહિતની વિવિધ પ્રકારની મીઠાઈઓ બનાવી અને વેંચાણ માટે મુકવામાં આવેલ છે. આ સાથે જ ફરસાણની પણ વિવિધ વેરાઈટીઓ બજારમાં મુકવામાં આવી છે. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલા ફરસાણની દુકાનો, મીઠાઈની દુકાન, સ્વીટ માર્ટોમાં ગઈકાલે સાંજથી જ ભારે ઘરાકી જોવા મળી હતી અને આજે સવારથી જ ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં ભારે ઘરાકી જોવા મળી રહી છે. લોકો હોંશે-હોંશે મીઠાઈ અને ફરસાણની ખરીદી કરી દશેરા મનાવી રહ્યા છે.

દુકાન વેંચવાની છે

જૂનાગઢમાં માંગનાથ રોડ ઉપર આવેલ સારથી કોમ્પ્લેક્ષ અંડર ગ્રાઉન્ડમાં દુકાન વેંચવાની છે આશરે ૩૦૦ ફુટ

: કોન્ટેક :

મો. ૭૪૩૪૮ ૦૬૫૪૮

જનતા પાર્સલ પોઈન્ટ

- સ્પે. ચીકન દમ બીરયાની
- ચીકન તિક્કા બિરયાની
- ચીકન સીઝલર બિરયાની
- ચીકન તંદુરી બિરયાની
- ચીકન ઈટાલીયન પુલાવ
- ચીકન બારબીકયુ પુલાવ
- ચીકન શાહી રોલ
- ચીકન સેઝવાન રોલ
- ચીકન દાના
- ચીકન કોકટેલ રોલ
- ચીકન લોલીપોપ
- ચીકન તંદુરી

તેમજ ચીકનની અવનવી વેરાયટીઓ

સોયબ એફ. શેખ - મો. ૯૯૦૪૧ ૨૬૪૫૬, ૮૭૮૦૫ ૪૫૮૫૮

ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષની બાજુમાં, જૂનાગઢ

ઓનલાઈન હોમ ડીલીવરી ઉપલબ્ધ zomato

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર બાળકો માટે સુવર્ણપ્રાશન વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર

રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ૐ ઉપચાર કેન્દ્ર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

મકાન વેચવાનું છે

૧૪૦ વારનું રોડ ટચ, મકાન નવી સિવિલ હોસ્પીટલથી તદ્દન નજીક વેચવાનું છે. ગ્રાઉન્ડ ફલોર ૫૦-૫૦ વારનાં ૨ ગોડાઉન, ફર્સ્ટ ફલોર 2 BHK અને અગાસી, બીજા ફલોરમાં ૨ બેડરૂમ અને અગાસી, સેમી ફર્નિશ્ડ, ૧ બોરવેલ, એમએનસી વોટર કનેકશન

સંપર્ક : ૯૮૯૮૩ ૦૯૩૬૩

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?

શું તમારો ધંધો મંદો ચાલે છે ?

શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?

શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ

- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હૃદયસમાકાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

બ્લોક વેચવાનો છે

હાઉસીંગ બોર્ડ, એમઆઈજી નીચેનાં માળે બ્લોક કસમાં વેચવાનો છે સારૂ લોકેશન-પાડોશ

મો. ૯૯૭૯૪ ૩૯૭૮૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ	મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ	મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ	મો.૯૮૨૪૪ ૮૧૫૦૦

"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"

: સુભાષ :

પાણીપુરી

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો.૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

નવરાત્રીનાં તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

મીલાદ/ખતમ માટે

★ સ્પે. નાન ખટાઈ મળશે

★ પફ, પાઉં, બ્રેડ ગરમ મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક

મો.૯૮૨૪૦૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

MAS નવરાત્રી આવી ... ઓફરોની રમઝટ લાવી.

"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ માસ થી જ કરો શુભ શરૂઆત"

ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો

પ્રિ-ઓન કાર વસાવો 90% સુધી લોન

કોમર્શિયલ વ્હીકલ લોન 90% સુધી

પર્સનલ લોન 5 લાખ સુધી ફક્ત 3 દિવસમાં

બિઝનેસ લોન 5 કરોડ સુધી

હોમ લોન

શોપ લોન

મશીનરી લોન

ઈન્ડસ્ટ્રીયલ શેડ લોન

EXCELLENCE THROUGH ENDEAVOURS MAS FINANCIAL SERVICES LTD. The Power of Distribution

માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ

079 - 49137711